સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

સપ્ટેમ્બર, ૨૦૧૯ બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/-




" શ્રી વચનામૃત ગ્રંથના ઉદ્‌બોધક ભગવાન શ્રી સ્વામિનારાયણ "








ગઢપુર ટાઉનશીપ-સુરતને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં
પૂ. નિર્ભયચરણદાસજી સ્વામીના વકતાપદે યોજાયેલ શ્રીહરિ વનવિચરણ કથાપારાયણ








સરધારધામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ
પૂ. સ.ગુ. શ્રી નિત્યસ્વરૂપદાસજીની ઉપસ્થિતિમાં યોજાયેલ સરધાર સંતમંડળ શિબિર














ભારતના સુપ્રસિદ્ધ તીર્થધામ જગન્નાથપુરીને આંગણે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના પટાંગણમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ઉપસ્થિતિમાં
શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - ગોધરા દ્વારા પાર્ષદ ખુશાલ ભગતના વકતાપદે યોજાયેલ શ્રીભકત ચિંતામણી કથાપારાયણ



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



અધ્યક્ષશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

ઉપાધ્યક્ષશ્રી



પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ

આંતરરાષ્ટ્રીય
200 શ્રી વચનામૃત
ગઢપુર-૨૦૧૯ દ્વિશતાબ્દી મહોત્સવ
તા. ૨૭-૧૨-૨૦૧૯ થી ૪-૧-૨૦૨૦

# સ્વામિનારાયણ ચિંતન


પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

વર્ષ :- ૭ । અંક :- ૮ । તારીખ :- ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૯

**પ્રસિદ્ધ કર્તા**
શ્રી સ્વામિનારાયણ મંદિર
મું. સરધાર, તા.જી. રાજકોટ

**પ્રકાશક - માલિક - તંત્રી**
*સાધુ પતિતપાવનદાસજી*

**સંપાદક**
*સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)*

**લવાજમ દર**
*બે વર્ષ : રૂા. ૧૫૦/-*
*પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-*
*પરદેશમાં લવાજમ :* **$ 200 U.S.A., £ 125 U.K.**

છબીકલા : મીત બોરડ - મો. ૭૦૪૮૧ ૨૯૫૯૨


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર. દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

**લવાજમદર અંગે**
**ગ્રાહક પત્ર વ્યવહાર**


'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.com chintankaryalay@gmail.com


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | એક નજર વચનામૃત ગ્રંથ વિષે | ૦૪ |
| ૦૨ | વચનામૃતનું સંપાદન... | ૦૭ |
| ૦૩ | વચનામૃતની અદ્વિતીય કડી : સમયપત્રક... | ૦૯ |
| ૦૪ | વચનામૃતમાં ધર્મકુળ-આચાર્યપદ... | ૧૩ |
| ૦૫ | વચનામૃતમાં શ્રીજીમહારાજના વસ્ત્ર-પરિધાનો... | ૧૬ |
| ૦૬ | વચનામૃતની ઐતિહાસિક પ્રમાણભૂતતા... | ૧૮ |
| ૦૭ | વચનામૃતની સરળ ગુજરાતી ગદ્ય શૈલી... | ૧૯ |
| ૦૮ | વચનામૃતમાં પ્રશ્નોત્તરાત્મક સુબોધ શૈલી અને કૃપાવાક્યો... | ૨૦ |
| ૦૯ | વચનામૃતમાં ઉપમાઓ તથા દૃષ્ટાંતસભર હળવી અને સચોટ શૈલી... | ૨૨ |
| ૧૦ | વચનામૃતના શ્રોતાગણની આધ્યાત્મિક શ્રેષ્ઠકક્ષા... | ૨૪ |
| ૧૧ | વચનામૃતના સંપાદક સદ્‌ગુરુ સંતોની પ્રામાણિકતા... | ૨૮ |
| ૧૨ | વચનામૃત ઉપસંહાર... | ૩૧ |
| ૧૩ | સત્સંગ સમાચાર પત્રિકા... | ૩૩ |



હમારા લક્ષ્ય
विश्व का कल्याण हो...
લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા...
સમગ્ર ગુજરાતમાં ઘેર બેઠા આપ માણો...

| પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે | પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે |
|---|---|---|
| દિવ્ય અમૃતવાણી | સત્સંગ કથાપારાયણ | સત્સંગ કથામૃત |
| સમય : દરરોજ | દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ |



# એક નજર વચનામૃત ગ્રંથ વિષે...

જીવનમાં આધ્યાત્મિક વિકાસ માટે આધ્યાત્મિક જ્ઞાનની પણ આવશ્યકતા છે. પશ્ચિમમાં જેમ ભૌતિક વિજ્ઞાનનું ઊંડું ને અનેરું ખેડાણ થયું છે. તેમ આપણા ભારત વર્ષમાં પણ અધ્યાત્મ વિજ્ઞાનનું અપૂર્વ સંશોધન ઋષિમુનિઓના કાળથી જ થતું રહ્યું છે. વેદો એ આપણી ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભો છે. ઋષિમુનિઓએ જુદાં જુદાં શાસ્ત્રો, ઉપનિષદો અને પુરાણોનું લેખનકાર્ય કર્યું છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે પોતાના જીવન દરમ્યાન યુદ્ધ ભૂમિ ઉપર ભગવદ્ ગીતાનો સદુપદેશ આપ્યો છે.

લોક ચેતના જાગૃત કરવા અને સમાજના દરેક સ્તરના લોકોના જીવનને ઉન્નત અને ગૌરાન્વિત બનાવવાની કરુણામય દૃષ્ટિથી પ્રેરાઈને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં વિવિધ સ્થળે વિચરણ કરી, સંતો-ભક્તોની સભા ભરી, વાર્તાલાપો અને ઉપદેશોની લોક ગંગા વહાવી, અનેકને ધર્મ-જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત ભક્તિની અપૂર્વે પ્રેરણા આપી છે અને તે દ્વારા મુમુક્ષુ જીવાત્માઓને અભયદાન આપ્યું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલ, ગઢડા કે અમદાવાદ જે જે સ્થાને સભા કરી બિરાજમાન થયા હોય અને ત્યાં પ્રશ્નોત્તર રૂપે જે જ્ઞાનવાર્તા થઈ હોય તેની તે જ સમયે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી નોંધ કરી લેતા હતા અને સહુ સાથે મળીને તેનું તારણ કરી ભગવાન શ્રીહરિના શબ્દોમાં લખાણ તૈયાર કરતા. આ સદ્‌ગુરુઓએ ભગવાન શ્રીહરિના ઉપદેશોના નિર્વિવાદ પ્રમાણભૂત સંગ્રહ કર્યો જે 'વચનામૃત' તરીકે સુપ્રસિદ્ધ છે. આ સંપાદનથી આ નંદસંતોએ આધ્યાત્મિક માર્ગે ચાલતા મુમુક્ષુ જીવાત્માઓ ઉપર અનહદ ઉપકાર કર્યો છે તે કદી ભૂલાય તેમ નથી.

જેમ જેમ આ ગ્રંથનું સંપાદન થતું ગયું તેમ તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાદૃષ્ટિ પણ તેના ઉપર પડી છે. સં. ૧૮૭૭ના માગશર સુદી - ૩ના દિવસે શ્રીજીમહારાજ લોયા ગામમાં બિરાજમાન હતા ત્યારે નિત્યાનંદ સ્વામીએ વચનામૃતનો ગ્રંથ ભગવાન શ્રીહરિના કરકમળમાં મૂક્યો અને ભગવાન શ્રીહરિ ઘણા પ્રસન્ન થયા. ભગવાન શ્રીહરિ પોતે રચેલ શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, 'मद्रुपमिति मद्वाणी' - અમારી વાણી એ અમારું સ્વરૂપ છે. વચનામૃત પણ

ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીમુખેથી વહેલી અમૃતવાણી-પરાવાણી છે અને તે રીતે વચનામૃત ગ્રંથ પણ ભગવાન શ્રીહરિનું વાઙ્મય સ્વરૂપ છે. અષાઢી સં. ૧૮૭૬ના માગશર સુદ - ૪ થી સં. ૧૮૮૬ના અષાઢ સુદ - ૧૦ સુધીના ઉપદેશોનું આ ગ્રંથમાં સંપાદન કરવામાં આવ્યું છે. ગઢડા, સારંગપુર, કારિયાણી, લોયા, પંચાળા, ગઢડા મધ્ય પ્રકરણ, વડતાલ, અમદાવાદ અને ગઢડા અંત્ય પ્રકરણના મળી કુલ ૨૬૨ વચનામૃતો છે.

સાધકોને અધ્યાત્મ અને સાધના માર્ગમાં જે સમસ્યાઓ મૂંઝવતી હોય તેને યોગ્ય માર્ગદર્શન મળી રહે તેવી ચર્ચા સામાન્યમાં સામાન્ય માણસ સમજી શકે તે રીતે વચનામૃતમાં અતિ સીધી, સાદી, સરળ અને લોકભોગ્ય શૈલીમાં રજૂ થઈ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની વાણીમાં ક્યાંય સંદિગ્ધતા કે વિરોધાભાસનો આભાસ થતો નથી. શબ્દે શબ્દે સ્વાનુભવનો રણકાર સંભળાય છે. ગીતા, ઉપનિષદ, વેદ અને ભાગવતાદિ પુરાણ વગેરેની અગમ્ય જ્ઞાનવાર્તા અને આધ્યાત્મિક રહસ્યોને સચોટ રીતે સુબોધિત રૂપે આ ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રકાશિત કર્યા છે. સમુદ્ર મંથનમાં જેમ અમૃત નીકળ્યું તેમ ભગવાન શ્રીહરિની સદુપદેશની વાણીમાંથી મોક્ષ માટે અનેરું અમૃત પ્રગટ થયું છે. આધ્યાત્મિક જીવન જીવવા, ભવસાગર તરવા અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ માટે 'વચનામૃત' અપૂર્વ અને અમૂલ્ય ગ્રંથ છે.

આ વચનામૃત ગ્રંથનું નિયમિત વાંચન, શ્રવણ, મનન અને નિદિધ્યાસ થતું રહે તે જરૂરી છે. અજ્ઞાનરૂપી અંધકારમાંથી પ્રકાશમાં, અસત્‌માંથી સત્‌માં અને જન્મમરણના ફેરામાંથી છૂટી આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ માટે સહાયભૂત એવો આ ગ્રંથ શ્રીજીમહારાજે આપી આપણા સૌ કોઈ ઉપર અતિશય કૃપા વરસાવી છે.

જેને આજના આધુનિક વિજ્ઞાનના કોઈ વિષયની કશીય ગતાગમ ન હોય તેવા અજ્ઞાની અને અભણ એવા જનસમુદાય આગળ કોઈ વ્યક્તિ ગમે તેવા ગપ્પા મારીને પણ કોમ્પ્યુટર ટેક્નોલોજી વિષે પ્રવચન કરી શકે. વૈદકીય શાસ્ત્રના અજ્ઞાનીને ગમે તે રોગના ગમે તે ચિહ્નો અને ગમે તેવા ઉપાયોની વાતો કરી શકાય છે. સંગીત વિદ્યામાં કક્કોય ન જાણનારને ગમે તે કીર્તન-ભજન-ગીતમાં ગમે તે રાગ-તાલ-લય-સૂરની વાતો કરીને, તેની આગળ મનફાવે તેમ ગાઈ કે વાજિંત્રો વજાડી શકાય છે. આમ, જે તે વિષયના અજ્ઞાની લોકોની સામે જે તે વિષય વિષે જેવા ગપગોળા ચલાવવા હોય તે ચલાવી શકાય છે. પરંતુ જે તે વિષયના પારને અતિશય નિષ્ણાંત અને કૂશળ વ્યક્તિ સામે જરા પણ ગપ્પું ન ચાલે.

વચનામૃત ગ્રંથના ઉદ્‌બોધક ભગવાન શ્રી સ્વામિનારાયણ કોની સામે વાતો કરે છે ? એમના શ્રોતાઓ કોણ અને કેવા હતા ? શું તે ભોળા, અજ્ઞાની અને વિષયાસક્ત પામર જીવો હતા ? ના, ભગવાન શ્રીહરિનો શ્રોતાગણ જગતના સામાન્ય સંસારી જીવો કરતાં વિશિષ્ટ પ્રકારનો હતો. અને તેથી જ તેમને કરાયેલ આ વાતો પણ વિશિષ્ટ પ્રકારની છે. 'ખાઓ, પીઓ અને મોજમજા કરો' એ જ જીવનના ધ્યેય સાથે જીવન જીવનારા એવા વિષયી કે પામર જીવો કે જેમને અધ્યાત્મ સાથે કંઈ લેવાદેવા જ નથી અને ગામને પાદરે કે ચોરે બેઠાં બેઠાં વિષયની અને અલકમલકની વાતોમાં જીવન બરબાદ કરનારાઓને મનના મનોરંજન માટે કરાયેલ વાતો જેવી આ વાતો નથી.

આ વાતો અધ્યાત્મના કઠિન માર્ગે ચાલનારા શુદ્ધ મુમુક્ષુઓને અપાયેલ ઉપદેશ છે. આત્માની મુક્તિ માટે અને પરમાત્માની પ્રાપ્તિ માટે આ લોકની સત્તા-સંપત્તિ-સુંદરી કે કનક-કામિની-કીર્તિનો ત્યાગ કરીને અર્થાત્ સંસારી સુખોને તુચ્છ ગણીને, સગાં-સંબંધીઓની મમતાના પાશને ત્યાગ-વૈરાગ્યની તલવારથી કાપીને નીકળેલા એ અધ્યાત્મવીરોને-પરમહંસોને કરેલી આ વાતો છે.

ભારતીય તત્ત્વજ્ઞાનના મુખ્યો ગ્રંથો-ઉપનિષદાદિ પ્રસ્થાનત્રયીના અર્કરૂપ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉદ્‌બોધેલું પરાવાણીરૂપ...

## શ્રી સ્વામિનારાયણીય વિશિષ્ટ તત્ત્વજ્ઞાનનું વેદાંત-વચનામૃતનું રહસ્યમય સિંહાવલોકન :

ભારતીય તત્ત્વજ્ઞાનનાં સાહિત્યમાં ઉપનિષદોનું સ્થાન અતિ મહત્ત્વનું છે. ઉપનિષદોના ઋષિમુનિઓ **'મંત્રદ્રષ્ટા'** કહેવાય છે. એટલે કે એમને ઉપનિષદોનું જ્ઞાન પરમાત્માએ આપેલી પ્રેરણાથી પ્રાપ્ત થયેલું મનાય છે. ઉપનિષદોના વચનો **'શ્રુતિવચનો'** એટલે કે પરમાત્માના મુખથી ઈશ્વરીય પ્રેરણાથી સાંભળેલા વચનો કહેવાય છે. એટલે બધા પ્રમાણોમાં શ્રેષ્ઠ પ્રમાણ ગણાય છે. વ્યવહારમાં પણ આપ્તવાક્યો, પ્રત્યક્ષ પ્રમાણ કરતાં પણ વધારે સબળ મનાય છે. ભારતીય તત્ત્વજ્ઞાનમાં મુખ્ય **પ્રમાણ ગ્રંથો** ત્રણ ગણાય છે. ૧. ઉપનિષદો ૨. બ્રહ્મસૂત્ર અને ૩. શ્રીમદ્ ભગવદ્‌ગીતા - આ ત્રણ ગ્રંથોના સમૂહને ભારતીય તત્ત્વજ્ઞાનની **પ્રસ્થાનત્રયી** કહેવામાં આવે છે.

ભારતમાં ગમે તે સંપ્રદાય-ધર્મ હોય પણ એવી **પ્રણાલિકા** પ્રવર્તતી આવી છે કે, તે પોતાના જ્ઞાનમતની પુષ્ટિ **પ્રસ્થાનત્રયી**ના આધારે જ કરે છે. જૂના વખતમાં પ્રવર્તતી

માન્યતા પ્રમાણે તો પ્રસ્થાનત્રયી ઉપર **ભાષ્યની રચના** કરવી એ **ધર્માચાર્ય**નું એક આવશ્યક **લક્ષણ** ગણાતું હતું.

વિશ્વના કોઈપણ હિન્દુ સંપ્રદાયોમાં દૃષ્ટિપાત કરીએ તો ઉપરના નિયમ પ્રમાણે જાણવા મળશે કે તે તે સંપ્રદાયના આચાર્યોએ ભારતીય તત્ત્વજ્ઞાનની પ્રસ્થાનત્રયી એટલે કે **ઉપનિષદ** અથવા **બ્રહ્મસૂત્ર** અથવા તો **શ્રીમદ્ ભગવદ્ગીતા** ઉપર ભાષ્ય રચ્યા છે. ત્યારે તેમને સમાજે તે તે સંપ્રદાયના આચાર્ય તરીકે સ્વીકાર્યા છે. જ્યારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એ એક એવો સંપ્રદાય છે કે જે પ્રસ્થાનત્રયી પર અન્ય સંપ્રદાયના આચાર્યો ભાષ્ય રચતા તે જ પ્રસ્થાનત્રયી પર આ સંપ્રદાયના પરમ આચાર્ય આરાધ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શિષ્ય સંત સદ્ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી કે જેમણે બ્રહ્મસૂત્ર પર **ભાષ્યરત્ન** રચ્યું. તો સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ ઈશાવાસ્યોપનિષદ ઉપર તથા શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપર ભાષ્ય રચીને ભારતીય તત્ત્વજ્ઞાનના યુગો જૂના ઈતિહાસમાં **બેનમૂન દાખલો** બેસાડી દીધો. ભગવાન શ્રી સ્વામિનારાયણ તો સ્વયં સર્વેશ્વર પરબ્રહ્મ પરમાત્મા જ હતા, પરંતુ તેમની પાસે તો આવા સેંકડો આચાર્યો પોતાના જીવન સમર્પણ કરી ભગવો ભેખ ધારણ કરીને રહ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રસ્થાનત્રયીના ત્રણે શાસ્ત્રોને પોતાના ઈષ્ટ એટલે કે પ્રિય શાસ્ત્રો તરીકે શિક્ષાપત્રી દ્વારા સ્વીકારેલા છે.

ભારતીય તત્ત્વજ્ઞાનના ગ્રંથો-પ્રસ્થાનત્રયી, ષડ્દર્શનો વગેરે માનવ જો પ્રત્યક્ષ પરમાત્માની સહાય વિના વાંચે-વિચારે તો એ ભાગ્યે જ કોઈ નિર્ણય તારવી શકે. એમાં વપરાયેલા શબ્દો, સૂત્રો, વાક્યો અનેકાર્થી તો છે જ પણ કેટલીક વખત પરસ્પર વિરુદ્ધ અર્થો દાખવનારાં પણ છે. એટલે ગ્રંથ વાંચનનાં અંતે પ્રકાશ સાંપડવાને બદલે એની મૂંઝવણ વધે એવો સંભવ છે. શ્રીજીમહારાજે પોતાના દયાળુ સ્વભાવને અનુસરીને મુમુક્ષુના મનમાં પ્રથમ પગલે જ દ્વિધા જગાવે એવી વાતો કરવાનું હંમેશા ટાળ્યું છે. ભારતના સર્વ શાસ્ત્રો અને સર્વ ધર્મમાંથી સાર અને ગુણ જ ગ્રહણ કરવાની નીતિ, પોતાના સર્વોપરિપદને શોભે એવી રીતે તેઓશ્રીએ અપનાવેલી છે.

શ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન અને સાધનાને સમજવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત **'વચનામૃત'નું દોહન** કરવું જરૂરી છે. વચનામૃતનું દોહન કરીને નવનીત મેળવીએ તે પહેલાં **વચનામૃતની અદ્વિતીયતા** સમજવા માટે આ લેખ લખવાનો નિર્મળ પ્રયાસ કરેલ છે.

ભારતીય દાર્શનિક પરંપરામાં મુખ્યત્વે ભગવાન વેદવ્યાસ, જૈમિનિ, શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય, ચૈતન્ય મહાપ્રભુ, ગૌતમ, કણાદ, કપિલમુનિ, પતંજલિ, ચાર્વાક, મહાવીર, બુદ્ધ વગેરે અનુક્રમે વેદવ્યાસ દ્વારા ઉત્તરમીમાંસા દર્શન (વેદાંત દર્શન), જૈમિનિ દ્વારા પૂર્વમીમાંસા દર્શન, જગદ્ગુરુ શંકરાચાર્ય દ્વારા કેવલાદ્વૈતવાદ, રામાનુજાચાર્ય દ્વારા વિશિષ્ટાદ્વૈતવાદ, નિમ્બાર્કાચાર્ય દ્વારા દ્વૈતાદ્વૈત (ભેદાભેદ)વાદ, મધ્વાચાર્ય દ્વારા દ્વૈતવાદ, વલ્લાભાચાર્ય દ્વારા શુદ્ધાદ્વૈતવાદ અને ચૈતન્ય મહાપ્રભુ દ્વારા અચિંત્યદ્વૈતાદ્વૈત (ભેદાભેદ)વાદ, ગૌતમઋષિ દ્વારા ન્યાયદર્શન, મહર્ષિ કણાદ દ્વારા વૈશેષિક દર્શન, કપિલમુનિ દ્વારા સાંખ્યદર્શન, પતંજલિમુનિ દ્વારા યોગદર્શન, ચાર્વાક દ્વારા ચાર્વાકદર્શન, મહાવીર દ્વારા જૈનદર્શન અને બુદ્ધ દ્વારા બૌદ્ધદર્શન વગેરે વિચારધારા યા મતોનું પ્રવર્તન થયું. પ્રત્યેક દાર્શનિકની **વિભિન્ન અનુભૂતિ**ઓ અનુસાર અનેક પ્રકારના મતમતાંતરો થયાં.

અહીં જે જે મુખ્ય દાર્શનિક મતોનો ઉલ્લેખ કર્યો તે મતોના કેટલાક સ્થાપકો તો સામાન્યતઃ બદ્ધ જીવો જ હતા. બદ્ધદશામાંથી મુક્તિ મેળવવા સાધનાઓ કરી, પોતપોતાની સાધના પ્રમાણે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરીને પોતપોતાની અનુભૂતિ અનુસાર તેમણે જુદા જુદા દાર્શનિક મતો કે વિવિધ

સાધનાઓની વાતો કરી છે. કેટલાક દાર્શનિકો તેમની પરંપરાગત માન્યતાનુસાર ભગવાનના આંશિક અવતારો કે જુદાં જુદાં દેવોનાં અવતારો હતા. જેમ કે શ્રી કપિલમુનિ વિષ્ણુનો અવતાર, શ્રી શંકરાચાર્ય શંકરનો અવતાર, શ્રી રામાનુજાચાર્ય શેષજી (સંકર્ષણ)નો અવતાર, શ્રી નિમ્બાર્કાચાર્ય સુદર્શન ચક્રનો અવતાર, શ્રી મધ્વાચાર્ય વાયુનો અવતાર, શ્રી વલ્લાભાચાર્ય અગ્નિનો અવતાર અને શ્રી ચૈતન્ય મહાપ્રભુ શ્રીકૃષ્ણનો અવતાર મનાય છે. આ બધા આચાર્યોએ પોતે જે ઈષ્ટદેવને માનતા હતા તેમની ઉપાસના કે ભક્તિ પ્રવર્તાવી છે. અર્થાત્ આ બધા દાર્શનિકો કેવળ સાધકો, ભક્તો યાતો દેવો કે ભગવાનના અવતારો હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે કોઈ સ્વતંત્ર **દાર્શનિક ગ્રંથ** લખ્યો નથી, તેમજ તેમણે પ્રસ્થાનત્રયી ઉપર **ભાષ્યગ્રંથો** પણ લખ્યા નથી. આ કાર્ય તો તેમની અનન્ય નિષ્ઠા ધરાવનાર તેમના આશ્રિત સંતોએ કર્યું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે જે તત્ત્વજ્ઞાન અને મોક્ષ પ્રાપ્તિની સાધનાનો ઉપદેશ આપ્યો છે. તે કાંઈ કપોળ કલ્પિત વાતો

નથી કરી. તેના **આધારસ્તંભ તો ભારતીય દર્શનના અમૂલ્ય વારસારૂપ સર્વે સત્શાસ્ત્રો છે.** ભગવાન શ્રીહરિએ જે કાંઈ પણ વાતો કરી છે તે સર્વે સત્શાસ્ત્રોના સમ્યક્ સમન્વયરૂપે કરી છે.

કોઈપણ સંપ્રદાયના તત્ત્વજ્ઞાન અને સાધનાને સમજવા માટે તે તે સંપ્રદાયના પ્રવર્તક આચાર્યના ઉપદેશ અને તેમના જીવનકાર્યો જ ઉપયોગી બનતા હોય છે. આ વાતનું અનુસંધાન દોરતા શ્રીજીમહારાજ વચનામૃત મધ્ય પ્રકરણના ૫૮માં કહે છે :- "પોતાના ઈષ્ટદેવના જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને **સંપ્રદાયની પુષ્ટિ** થાય છે. તે શાસ્ત્ર સંસ્કૃત હોય અથવા ભાષા હોય પણ તે જ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે, પણ તે વિના બીજો ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન કરે. જેમ રામચંદ્રના ઉપાસક હોય તેને વાલ્મીકિ રામાયણે કરીને જ પોતાના સંપ્રદાયની પુષ્ટિ થાય, અને શ્રીકૃષ્ણ ભગવાનના જે ઉપાસક હોય તેને દશમસ્કંધ અને એકાદશ સ્કંધ એ બે જે ભાગવતના સ્કંધ તેણે કરીને જ પોતાના સંપ્રદાયની પુષ્ટિ થાય, પણ રામચંદ્રના ઉપાસક તથા શ્રીકૃષ્ણના ઉપાસક તેને વેદે કરીને પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન થાય. માટે પોતાના સંપ્રદાયની રીતનું જે શાસ્ત્ર હોય તે જ પાછલે દહાડે પોતાના સંપ્રદાયને પુષ્ટ કરે છે." એમ કહીને શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, "તમે પણ **પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર** તે જ દેહપર્યંત કર્યા કરજ્યો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એજ **આજ્ઞા** છે."



# વચનામૃતનું સંપાદન

સંપ્રદાયના શાસ્ત્રોનું અધ્યયન કરતા જાણવા મળે છે કે, વિ.સં. ૧૮૮૫ના અષાઢ મહિનામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને ઉદ્દેશીને એક **આજ્ઞાપત્ર** લખાવીને બે બાબતની **લેખિત વિગતો** (નોંધો) ગઢપુર મંગાવી હતી.

૧. મંદિરો માટે જ્યાં જ્યાં જમીન યા ઘર અથવા કંઈ સ્થાવર મિલકત આપવામાં આવી હોય તેના લેખો-**દસ્તાવેજો**. અને

૨. જુદા જુદા ગામોમાં વિચરણ દરમિયાન આશ્રિત સંતો-હરિભક્તોની સભામાં પોતે આપેલા **જ્ઞાનોપદેશોની નોંધો** અર્થાત્ ખરડાઓ.

આ આજ્ઞાપત્ર લખાયો તે સાથે જ સ્વેપ્સિત કાર્યની સિદ્ધિ માટે શ્રીજીમહારાજે ચાર સમર્થ સંતો : ૧. સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી ૨. સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી ૩. સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી અને ૪. સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી - એ ચારનું એક સંપાદક મંડળ રચ્યું.


ભગવાન શ્રી સ્વામિનારાયણે કહેલા જ્ઞાનોપદેશોને બરાબર સમજે અને એનું રહસ્ય સમજીને ભગવાન શ્રીહરિના શબ્દોમાં જ એની રજૂઆત કરવાની સંપૂર્ણ યોગ્યતા અને શક્તિ આ સંતો ધરાવતા હતા. એ તો તેમણે રચેલા પ્રસ્થાનત્રયીના ભાષ્યગ્રંથો પરથી જ જણાઈ આવે છે.


જો કે જ્ઞાનોપદેશના ખરડાઓ (નોંધો) ગઢપુર મોકલવાનો આજ્ઞાપત્ર વિ.સં. ૧૮૮૫ના અષાઢ મહિનામાં લખાયેલો છે, પરંતુ વચનામૃતનું અધ્યયન કરતાં એમ જણાય છે કે નવ-દશ વર્ષ અગાઉથી સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી, શ્રીજીમહારાજના જ્ઞાનોપદેશની નોંધો વચનામૃતરૂપે પોતાની પાસે લખી રાખતા. સં. ૧૮૭૭ના માગશર સુદ - ૩ના રોજ લોયા ગામમાં સુરાખાચરના દરબારમાં મળેલી સભામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સન્મુખ એમણે ત્યાર સુધીના જ્ઞાનોપદેશોની નોંધો પુસ્તક આકારે રજૂ કર્યાનો ઉલ્લેખ લોયાના ૭મા વચનામૃતમાં કરેલો છે. અને ત્યાર પછીના જ્ઞાનોપદેશોની નોંધ પણ આ ચાર સંતોએ રાખી છે અને **સં. ૧૮૮૫માં વચનામૃતના ખરડા ગઢડા મોકલી આપવા પત્ર લખાયો** ત્યારે જે ખરડાઓ ગઢડા આવ્યા તેની સંખ્યા આશરે ૮૦૦ થી ૧૨૦૦ હતી. એ સંખ્યા ગમે તેટલી હોય પણ એની સંખ્યા ઘણી મોટી હશે એટલું તો નિશ્ચિત માનવું પડે તેમ છે.


હવે કોઈ જગ્યાએ એવું માનવામાં આવે છે કે વચનામૃતો નિત્યાનંદ સ્વામીએ લખેલા છે, તો કોઈ જગ્યાએ એવું મનાય છે કે શુકાનંદ સ્વામીએ વચનામૃતો લખેલા છે, તો કેટલાક કહે છે કે ચારે સંપાદક સદ્‌ગુરુ સંતોએ જુદા જુદા લખેલા છે. પણ આ ત્રણ પૈકી એકેય માન્યતા બરાબર જણાતી નથી. સંપાદક સદ્‌ગુરુ સંતોએ આજ ગ્રંથમાં શ્લોક-૨માં એકરાર કર્યો છે કે :- 'एतैः सङ्गत्य लिखितानीत्थं धर्मजनेर्हरेः । वचोऽमृतानि सर्वाणि यथामति यथाश्रुतम् ।।' - "ધર્મનંદન શ્રીહરિના આ વચનામૃતો જેવા અમે સાંભળ્યા છે અને જેવા અમારી બુદ્ધિ પ્રમાણે અમે સમજ્યા છે તેવા ભેગા મળીને અમે લખ્યાં છે."


અહિં ધ્યાનમાં રાખવું ઘટે છે કે 'લખ્યાં છે' એ ક્રિયાપદનો અર્થ અત્રે માત્ર 'મૌલિક લખ્યા છે' એવો કરી શકાય તેમ નથી. સંપાદક સંતોએ પોતે જ શ્લોક-૧૨માં એની સ્પષ્ટતા કરતાં લખ્યું છે :- 'एवं हि तानि सर्वाणि मितानि द्विरसाक्षिभिः । सन्ति संलिखितानि श्रीमहाराजनिदेशतः ।।' - "અમે ભગવાન શ્રી સ્વામિનારાયણના જે જ્ઞાનોપદેશનું **વચનામૃત** નામે ગ્રંથનું સંપાદન કર્યું છે તેની સંખ્યા ૨૬૨ છે. (દરેક ગામના વચનામૃતો મળીને એકંદર સંખ્યા ૨૬૨ થાય છે.) આ ગ્રંથનું સંપાદનકાર્ય અમે શ્રીજીમહારાજના પ્રત્યક્ષ નિર્દેશ પ્રમાણે કરેલું છે."

આ શ્લોકમાં 'संलिखितानि' શબ્દનો અર્થ પોતે જાતે મૌલિક લખ્યા નથી, પણ જેવા સાંભળ્યા છે અને જેવા ગ્રહણ કર્યા છે તેવા શ્રીજીમહારાજના શબ્દોમાં જ સંપાદિત કર્યા છે. એવો સ્પષ્ટ અર્થ થાય છે. આ ગ્રંથનું સંપાદનકાર્ય કરનાર ચાર સંતો માત્ર સમર્થ વિદ્વાનો જ ન હતા. માત્ર સમર્થ યોગી સંતો ન હતા પણ પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપના આજ્ઞાંકિત અને અનન્યદાસ ભક્તો હતા. એટલે શ્રીજીમહારાજના જ્ઞાનોપદેશનો મહાગ્રંથ વચનામૃતરૂપે સંપાદન કરવાના મહાનકાર્યમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ ન થાય એની એમણે ખાસ કાળજી રાખી હતી. પોતે ત્રિકાળજ્ઞાની ત્રિકાળદર્શી હતા તેથી જ ભવિષ્યના ભાવિ ભક્તો માટે અતિ કરુણા કરીને આ સંતોએ દરેક વચનામૃતનો પહેલો પરિચ્છેદ પોતાના શબ્દોમાં લખેલો છે. તેમાં બધી વિગતો - ઈતિહાસનો કાળ અને ક્રમ સાચવીને લખેલી છે. જેના પરિણામે શ્રોતા, પાઠક જો જરા પણ કાળજીભર્યો પરિશ્રમ ઉઠાવે તો આ ગ્રંથના મુખ્ય વક્તા, મુખ્ય નાયક સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં જે તે સમયના સ્વરૂપનું તાદૃશ ચિત્ર તેનાં મનોચક્ષુ પર નિઃશંક અંકિત થઈ જાય છે.


સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી


સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી


સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી


સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી

# વચનામૃતની અદ્વિતીય કડી : સમયપત્રક

સદીઓથી કેટલાય પશ્ચિમી વિદ્વાનો તથા સાહિત્યકારો, હિન્દુ મહર્ષિઓ સંતો તથા કવિઓ, ગ્રંથકારો ઉપર એક દોષારોપણ કરી રહ્યા છે કે, **'પ્રાચીન ભારતીયોને ઈતિહાસ નોંધવાની કોઈ સૂઝબૂઝ નથી !'** આવું કહેવા પાછળ તેમની પાસે કોઈ **નક્કર પુરાવાઓ** નથી. કારણ કે **દરેક વચનામૃતનો પહેલો પરિચ્છેદ**, આ દોષારોપણ સરાસર જૂઠું છે એવો સ્વીકાર કરવાની સુજ્ઞજનોને ફરજ પાડે છે. તેમાં જે રીતે વર્ણન-નિરૂપણ કરવામાં આવ્યું છે તે ધર્મ અને અધ્યાત્મ તત્ત્વજ્ઞાનના સાહિત્ય ગ્રંથોમાં અજોડ છે.

તેમાં વચનામૃતના એકમેવાદ્વિતીય વક્તા ભગવાન શ્રી સહજાનંદ સ્વામિ ઉર્ફે શ્રીજીમહારાજે એ વખતે કેવા વસ્ત્રાલંકારો ધારણ કર્યાં હતાં ? એ વખતે સભામાં કોણ કોણ હાજર હતું ? અને એ વખતે કેવી રીતે સંતો-ભક્તો સંકીર્તન કરી રહ્યા હતાં ? શ્રીજીમહારાજે ક્યા વર્ષના ક્યા માસમાં ક્યા પક્ષની કઈ તિથિએ - ક્યા સમયે - ક્યા સ્થળે - ક્યા મુખે બિરાજીને જ્ઞાનોપદેશ આપ્યો હતો ? તે બધી વિગતો - ઈતિહાસનો કાળ અને ક્રમ સાચવીને લખેલી છે. **જે રીતે વચનામૃત ગ્રંથમાં આ વિગતો દર્શાવવામાં આવી છે તેવી કોઈપણ અધ્યાત્મ શાસ્ત્ર કે ગ્રંથમાં હજુ સુધી લખાયેલી જોવા મળતી નથી.**

તેથી જ અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટીના ધર્મ વિષયના અધ્યાપક શ્રી **જ્હોન કાર્મેન** કહે છે :- "એક વાત મને ખાસ સ્પર્શી હોય તો એ છે કે , દરેક વચનામૃતમાં **ચોક્કસ તારીખ** આપવામાં આવી છે. ભારતના ધાર્મિક ઈતિહાસના વિદ્યાર્થીઓને આ **ભારતીય ઈતિહાસમાં ચોક્કસ તારીખનો અભાવ** સતત સતાવે છે. પરંતુ વચનામૃતમાં **પ્રત્યેક ઉપદેશની તારીખ** ચોકસાઈપૂર્વક નોંધવામાં આવેલ છે."

જગતમાં તત્ત્વજ્ઞાનના ઘણા ગ્રંથો લખાયેલા છે અને આજે પણ લખાય છે, પરંતુ વચનામૃત સિવાય અન્ય કોઈપણ તત્ત્વજ્ઞાનનો ગ્રંથ હાથમાં લો તો તેમાં તે **ગ્રંથના વક્તા કે રચયિતાના સ્વરૂપનું** કે **સ્વભાવનું** કોઈપણ **વર્ણન** સુદ્ધા જાણવા મળતું નથી. એવં ગ્રંથના સ્થળ અને સમયની તેમજ વક્તાના સ્વરૂપની આછી ઝાંખી પણ જાણવા મળતી નથી. અને સહજ છે કે વક્તાના સ્વરૂપનો યથાર્થ ખ્યાલ ન આવે અથવા ન હોય તો એમનું **વક્તવ્ય** સમજાતું નથી અથવા અધૂરું કે અવળું સમજાય છે. વચનામૃતના સંપાદક ચાર સદ્‌ગુરુ સંતોને **ઈતર ગ્રંથકારોની** આ ગંભીર ભૂલ સમજાઈ



તેથી ભાવિ શ્રોતા, પાઠકો કે ભક્તગણો ઉપર કરુણા કરીને તેઓએ વચનામૃતના **પ્રથમ પેરેગ્રાફો** લખ્યા છે.

**વચનામૃતનો પ્રારંભ માગશર માસથી જ કેમ ?**

વચનામૃતમાં સંપાદિત કરેલા જ્ઞાનોપદેશોની શરૂઆત માગશર માસથી એટલે કે સં. ૧૮૭૬મું વર્ષ શરૂ થયા પછી પાંચ મહિના બાદ કરેલી છે. અહિં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે વચનામૃતમાં જે વર્ષ ગણના અપનાવેલી છે તે 'આષાઢી' વર્ષની છે. એટલે કે અષાઢ માસથી ગણવામાં આવે છે. વૈદિક સાહિત્યમાં ડોકિયું કરતાં જણાય છે કે, માગશર માસથી સૃષ્ટિની પ્રવૃત્તિનો આરંભ થયેલો છે. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે આદિકાળમાં વર્ષની શરૂઆત માગશર માસથી કરવામાં આવતી હતી. તેથી ભગવાન શ્રીકૃષ્ણ **'શ્રી ભગવદ્‌ગીતા'**માં કહે છે :- 'માસાનાં માર્ગશીર્ષોऽहम् ।।' - મહિનાઓમાં હું માગશર માસ છું.

તેથી જ માગશર માસને ભગવાનનો **વિભૂતિમાસ** કહેવામાં આવે છે. અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની દૃષ્ટિએ વિચાર કરીએ તો માગશર માસની ઘણી મહત્તાઓ છે. કારણ કે :-

- **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર'**નું પ્રાગટ્ય તથા પ્રવર્તન માગશર માસમાં સં. ૧૮૫૮માં થયેલ છે.

- આપણા સંપ્રદાયને **'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'**

તરીકે ઓળખીએ છીએ તે નામ પ્રણાલિકા પણ સં. ૧૮૫૮ના માગશર વદ - ૧૧થી શરૂ થયેલી છે.

- સંપ્રદાયની **પહેલી ધર્મસભા** તથા ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને સંપ્રદાયના આચાર્ય-ગુરુપદેથી **સૌપ્રથમ ઉપદેશ** ફણેણી ગામે માગશર માસમાં જ આપેલો છે.

આ બધી હકીકતોનો વિચાર કરીને શ્રીજીમહારાજની આજ્ઞા અને અનુમતિથી વચનામૃતના સંપાદન કાર્યની શરૂઆત માગશર માસથી કરેલી જણાય છે.

**વચનામૃતમાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ - શ્રીજીમહારાજ**

વચનામૃતના સંકલનમાં સંપાદક સદ્‌ગુરુ સંતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું **'સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ'** અને **'શ્રીજીમહારાજ'** નામથી ઉદ્‌બોધન કરેલ છે. વિશાળ સંખ્યામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્ઞાનોપદેશો આપ્યા છે. તેમાંથી વચનામૃત નામ આપી સંપાદિત કરેલા ૨૬૨ વચનામૃતો પૈકી પહેલા ફકરામાં **૧૫૪** વખત 'સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ' અને **૧૦૮** વખત 'શ્રીજીમહારાજ' નામ વપરાયેલું છે. પહેલા ફકરા પછી ફકરાઓમાં 'શ્રીજીમહારાજ' નામ વારંવાર વપરાયેલું છે.

**વચનામૃતમાં જ્ઞાનસભાઓનો ચોક્કસ સ્થાન નિર્દેશ**

સંપ્રદાયનો ઈતિહાસ કહે છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ આશ્રિતોના લાલનપાલન અને સત્સંગ પ્રચાર માટે તથા જનસમાજના ઉદ્ધાર માટે રાત્રિ-દિવસ **સતત વિચરણ** કર્યા જ કરતા. આજે આ ગામે તો કાલે બીજા ગામે, એમ અગાઉથી કાર્યક્રમ નિશ્ચિત કર્યા સિવાય વિચરણ કરતા હતા. કેટલીક વખત શ્રીજીમહારાજ બે ગામોના સત્સંગી ભક્તોને એક જ દિવસે એમને ગામે પધારવાની હા પાડતા ત્યારે એ વચન પણ પરિપૂર્ણ કરવા બંને સ્થળોએ અચૂક દર્શન દેતા અને આશ્રિતોને આનંદ આપતા. આવા ઘણા પ્રસંગો સંપ્રદાયના ઈતિહાસના પાને નોંધાયેલા છે. દા.ત. એકી સાથે એકજ સમયે આખા-પીપલાણા, અમદાવાદ-મછિયાવ, વડનગર-વિસનગર, ગઢડા-સુરત, ઉમરેઠ-પણસોરા આદિ અનેક ગામોમાં દર્શન આપતા તે તે ગામોના **લીલાપ્રસંગો** જે દિવસે બનેલા છે તેની સાથે વચનામૃતમાં જે દિવસની સભાનું **નિરૂપણ** થયું હોય તેને કાળની ગણનાની દૃષ્ટિએ પરસ્પર વાંધો-વિરોધ ન આવે તેની **ચોક્કસાઈપૂર્વક કાળજી** વચનામૃતના સંપાદક સંતોએ રાખેલી છે. તદુપરાંત વચનામૃત ક્યા ગામે એટલે કે ગઢડા, સારંગપુર (જેમાં કુંડળ અને ખાંભડાનો સમાવેશ થાય છે.), કારિયાણી, લોયા, પંચાળા, વડતાલ અને અમદાવાદ. આ પૈકી ક્યા ગામે, ક્યા સ્થળે એટલે કે દાદાખાચર, જીવાખાચર, અમરા પટગર, વસ્તાખાચર, સુરાખાચર, યા ઝીણાભાઈના દરબારમાં ક્યા સ્થળે યા વડતાલ મંદિરમાં અથવા ગોમતી કાંઠે, લક્ષ્મીવાડીમાં કે અમદાવાદ મંદિરમાં ક્યા સ્થળે, કેવા આસન ઉપર એટલે કે પાટ, ગાદી-તકીયા, ઢોલિયો, પલંગ, વેદી, ઓટો, ઓસરી, ચોતરો, સિંહાસન ઉપર કેવી રીતે એટલે કે કઈ દિશા તરફ મુખારવિંદ રાખીને બિરાજમાન થયા હતા - તે **હકીકત** ખૂબજ **સ્પષ્ટ શબ્દોમાં** વર્ણવેલી છે.

વચનામૃતોના ઉદ્‌ગાતા શ્રીજીમહારાજે ગમે ત્યાં, ગમે ત્યારે અને ગમે તેવા સંજોગોમાં - જ્યાં, જ્યારે, જેને જેવી જરૂરિયાત લાગી છે ત્યાં, ત્યારે, તેને, તેવી વાતો કરી છે અને ટકોર કરીને પણ સાવધ કર્યા છે. તેઓશ્રીએ ઉપદેશ આપવામાં ક્યારેય આળસ કરી નથી કે કંટાળો કે થાકનો અનુભવ કર્યો નથી. આ હકીકતને પ્રમાણિક કરવા માટે **કેટલાંક વચનામૃતોના સ્થાન અને સમય** જોઈએ :

- રાત્રિની પાછલી પહોર બાકી હતી ત્યારે... (ગ.પ્ર. ૧૮)
- દિવસ ઊગ્યા પહેલાં... (ગ.પ્ર.૨૭)
- પ્રાતઃકાળે... (ગ.પ્ર. ૪૦)
- બપોરના સમયે... (ગ.પ્ર. ૩૨)
- સંધ્યા આરતી પછી.. (ગ.પ્ર. ૪૮)
- મોડી રાત્રે.. (ગ.મ. ૧૭)
- રાત્રિની પાછલી છ ઘડી બાકી હતી ત્યારે... (ગ.મ. ૩૫)
- અડધી રાત્રે... (ગ.મ. ૨૨)

એવી જ રીતે :

- પોતાના ઉતારાની મેડીના ગોખને વિષે... (ગ.અં. ૧૨)
- પોતાના ઉતારાને વિષે ગંગાજળિયા કૂવા પાસે... (ગ.મ. ૬૭)
- પરમહંસની જાયગાને વિષે... (ગ.પ્ર. ૨૭)
- લીંબડાના વૃક્ષહેઠે... (ગ.પ્ર. ૪૦)
- ઘોડશાળની ઓસરીએ... (ગ.પ્ર. ૩૮)
- વાસુદેવનારાયણનાં મંદિર આગળ... (ગ.મ. ૨૨)
- ગોપીનાથજીના મંદિરને વિષે... (ગ.અં. ૩૮)
- લક્ષ્મીનારાયણના મંદિરમાં... (વર. ૩)
- નરનારાયણના મંદિરમાં... (અમ.૧)
- ગોમતી તળાવને કાંઠે... (વર. ૨)
- લક્ષ્મીવાડીમાં.. (ગ.મ. ૨૪)
- સાધુની જમવાની પંક્તિમાં... (ગ.પ્ર. ૨૮)
- જારની ખાણ પર... (ગ.મ. ૩૫)
- વાસુદેવનારાયણના મંદિરનો ઓરડો... (ગ.પ્ર. ૨૮, ૩૩, ૪૫, ૪૬, ગ.મ. ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ગ. અં. ૨)
- અયોધ્યાવાસીને ઘેર... (ગ.મ. ૪૩)

- હરજી ઠક્કરના ઘેર... (ગ.અં. ૩)
- અમરાપટગરના ઓરડામાં... (સા.૯)
- કુંડળથી સારંગપુર જતાં વચ્ચે ખાંભડા ગામના પાદરે (નદી કાંઠે) પીંપરના વૃક્ષ હેઠે... ( સા. ૧૦)
- આંબલીની ડાળ પકડીને ઊભાં ઊભાં... (સા. ૧૭)

આ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે શ્રીજીમહારાજને આશ્રિતોના કલ્યાણાર્થે ભગવદ્ કથા કરવાનો કેટલો બધો ઈશક હશે!

૨૬૨ વચનામૃતોમાં ગઢડાના વચનામૃતોની સંખ્યા એકંદરે ૧૮૪ છે, જેમાં પોતાના ઉતારે બિરાજીને કહેલા વચનામૃતોની સંખ્યા ૧૯ કરતા વધારે છે. જેને આજે **અક્ષરઓરડી** તરીકે ઓળખવામાં આવે છે તે સ્થળને ઘણાં શ્રીજીમહારાજના પોતાના ઉતારા તરીકે માને છે. પણ એ માન્યતા બરાબર નથી. અક્ષરઓરડી તો શ્રીજીમહારાજનું **શયનસ્થાન** એટલે કે પોઢવાની ઓરડી છે અને એ સ્થળે બિરાજીને કહેલું વચનામૃત, પોતાના ઉતારે બિરાજીને કહેલા વચનામૃતોથી જુદું છે.

ગઢડા પ્રથમ પ્રકરણનું ૬૫મું વચનામૃત અક્ષરઓરડીવાળા સ્થળે બિરાજીને કહેલું છે. શ્રીજીમહારાજ જ્યારે ગઢપુરમાં સૌપ્રથમવાર પધાર્યા ત્યારે તેમના ઉતારા માટે આજે જ્યાં ગંગાજળિયો કૂવો છે તેની આગળ એક માળનું એક મકાન ( નીચે ત્રણ ઓરડા અને ઉપર ત્રણ ઓરડા અને ઉપર જવા માટે ઓસરીમાં દાદરવાળું) હતું તે આપવામાં આવ્યું હતું. પછી અયોધ્યાથી પિતા ધર્મદેવના કુળના વંશજો મોટાભાઈ રામપ્રતાપજી મહારાજ આદિ આવ્યા ત્યાર પછી એ સ્થળ અયોધ્યાવાસીઓને ઉતારા માટે આપવામાં આવેલું. અને તે સ્થાન **'અયોધ્યાવાસીઓનો ઉતારો'** તરીકે ઓળખાતું. તે સ્થાનમાં બિરાજીને શ્રીજીમહારાજે એક વચનામૃત કહેલું છે. જેનો ક્રમાંક છે - ગઢડા મધ્ય પ્રકરણ - ૪૩મું.

વચનામૃતોના સ્થળોની સંખ્યા વધારેમાં વધારે સ્વાભાવિક રીતે જ ગઢડામાં છે. સંપાદક સદ્‌ગુરુ સંતોને મન વચનામૃતોના સ્થળોનું માહાત્મ્ય ઘણું મૂલ્યવાન હતું. તેથી તે તે સ્થળ (કુલ ૨૭૪ સભાસ્થાન) દર્શાવવામાં તેઓએ ખાસ ચીવટ અને કાળજી રાખેલી છે. ઝીણામાં ઝીણી વિગતો દર્શાવવાનું પણ તેઓ ચૂક્યા નથી.

દા.ત...

### ગઢડા (દાદાખાચરનો દરબારગઢ)

**વાસુદેવનારાયણના મંદિરના ઓરડાનાં** : ગ.પ્ર.પ્ર. - ૨૮, ૩૩, ૪૫, ૪૬, ગ.મ.પ્ર. - ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૧ (પહેલી સભા), ૨૨, ૨૩, ૨૬, ૩૦, ૫૯, ૬૪, ૬૫, ગ.અં.પ્ર. - ૨, **કુલ** : ૨૫

**આથમણાં દ્વારના ઓરડાનાં** : ગ.પ્ર.પ્ર. - ૧૮, ૨૯, ૩૨ (પહેલી સભા), ૩૪, ૫૧, ૫૩, ૫૪, ૫૬, ૫૯, ૬૩, ૬૯, ૭૨, ૭૭, ૭૮, ગ.મ.પ્ર. - ૧, ૪, ૧૨, ૩૬, ૩૭, ૪૧, ૪૬, ૪૯, ૫૦, ૬૦, ૬૧, ગ.અં.પ્ર. - ૧ (પહેલી સભા), ૯, ૧૯, ૨૧, ૨૨, ૨૫, ૩૧, ૩૨, **કુલ** : ૩૩

**ઉગમણા દ્વારના ઓરડાનાં** : ગ.પ્ર.પ્ર. - ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૪૩, ૬૪, ૬૬, ૭૦, ગ.મ.પ્ર. - ૧૦, (બીજી સભા), ૩૪, ૩૮, ૪૨, ૪૪, ૪૫ (પહેલી સભા), ૪૭, ૪૮, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૬, ગ.અં.પ્ર. - ૧ (બીજી સભા), ૫, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૩૬ (બીજી સભા), ૩૯, **કુલ** : ૩૫

**ઉત્તરાદા દ્વારના ઓરડાનાં** : ગ.પ્ર.પ્ર. - ૩૦, ૭૨, ગ.મ.પ્ર. - ૧૪, ૨૯, ૬૨, ગ.અં.પ્ર. - ૩૭, **કુલ** : ૬

**દક્ષિણાદા દ્વારના ઓરડાનાં** : ગ.મ.પ્ર. - ૨૫, ૨૭, ૫૧, **કુલ** : ૩

**દાદાખાચરના દરબારગઢનાં** : ગ.પ્ર.પ્ર. - ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૫૦, ૫૨, ૬૨, ૭૧, ગ.મ.પ્ર. - ૩૯ (બીજી સભા), ૪૫ (બીજી સભા), ગ.અં.પ્ર. - ૨૯, **કુલ** : ૨૨

**પોતાના ઉતારાનાં** : ગ.પ્ર.પ્ર. - ૩૧, ૫૫, ૭૩, ૭૬, ગ.મ.પ્ર. - ૧૮, ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૪૦, ૫૩, ૬૩, ગ.અં.પ્ર. - ૪ (પહેલી સભા), ૪ (બીજી સભા), ૬, ૭, ૧૨, ૧૫, ૨૦, ૨૩, **કુલ** : ૨૦

**લીંબડાના વૃક્ષ નીચેનાં** : ગ.પ્ર.પ્ર. - ૧૩, ૧૪, ૩૨ (બીજી સભા), ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૭, ૪૮, ૪૯, ૬૧, ૬૮, ૭૪, ૭૫, ગ.મ.પ્ર. - ૧૧, ગ.અં.પ્ર. - ૨૪ (બીજી સભા), **કુલ** : ૨૦

**સાધુની જાયગાનાં** : ગ.પ્ર.પ્ર. - ૧, ૫૭, ગ.મ.પ્ર. - ૧૯, **કુલ** : ૩

**પરમહંસની જાયગાનાં** : ગ.પ્ર.પ્ર. - ૨૫, ૨૭, ૫૮, ૬૦, **કુલ** : ૪

**મુનિનાં ઉતારાનું** : ગ.પ્ર.પ્ર. - ૬૭, **કુલ** : ૧

**જારની ખાણ ઉપરનું** : ગ.મ.પ્ર. - ૩૫, **કુલ** : ૧

**ઘોડશાળનું** : ગ.મ.પ્ર. - ૩૮, **કુલ** : ૧

**પોતાના પોઢવાના ઓરડાનું** : ગ.પ્ર.પ્ર. - ૬૫, **કુલ** : ૧

**અયોધ્યાવાસીઓના ઘેરનું** : ગ.મ.પ્ર. - ૪૩, **કુલ** : ૧

**ગંગાજળિયા કૂવા પાસેનું** : ગ.મ.પ્ર. - ૬૭, **કુલ** : ૧

**ગોપીનાથજીના મંદિરનાં** : ગ.અં.પ્ર. - ૨૪ (પહેલી સભા), ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૩, ૩૪, ૩૫, ૩૮, **કુલ** : ૯

**લક્ષ્મીવાડીનાં** : ગ.મ.પ્ર. - ૧૦ (પહેલી સભા), ૨૧

(બીજી સભા), ૨૪, ૩૯ (પહેલી સભા), ૫૨, ૫૪, ગ.અં.પ્ર. - ૩૬ (પહેલી સભા), **કુલ : ૭**

**હરજી ઠક્કરના ઘરનું : ગ.અં.પ્ર. - ૩, કુલ : ૧**

ગઢપુરમાં દાદાખાચરના દરબારગઢમાં ઉત્તરાદા દ્વારના ઓરડાઓ પૈકી પહેલા ઓરડામાં શ્રી વાસુદેવનારાયણની મૂર્તિની અને દક્ષિણાદા દ્વારના ઓરડાના સ્થળે શ્રી ગોપીનાથજી દેવનું મંદિર થયું અને મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ ત્યારથી, એ સ્થળો અનુક્રમે **'શ્રી વાસુદેવનારાયણનો ઓરડો'** અને **'શ્રી ગોપીનાથજી દેવનું મંદિર'** એ નામે ઓળખાતાં થયાં છે.

## સારંગપુર (જીવાખાચરનો દરબારગઢ)

**જીવાખાચરના દરબારગઢમાં ઉત્તરાદા દ્વારના ઓરડાનાં : ૧ થી ૮** અને ૧૦ (બીજી સભા) **થી ૧૮, કુલ : ૧૭**

સારંગપુર પ્રકરણ અંતર્ગત ૯મું વચનામૃત **કુંડળ** અમરાપટગરના દરબારનાં આથમણા દ્વારનાં ઓરડામાં બિરાજમાન થઈને કહેલું છે. તેનો સમાવેશ સારંગપુર પ્રકરણમાં કરવામાં આવેલો છે. **કુલ : ૧**

સારંગપુર પ્રકરણ અંતર્ગત **૧૦**મું વચનામૃત **ખાંભડા** ગામમાં (નદી કાંઠે) પીપરના વૃક્ષ નીચે બિરાજીને કહેલું છે. તેનો સમાવેશ સારંગપુર પ્રકરણમાં કરવામાં આવેલો છે. **કુલ : ૧**

## કારિયાણી (વસ્તાખાચરનો દરબારગઢ)

**વસ્તાખાચરના દરબારગઢમાં ઉત્તરાદા દ્વારના ઓરડાનાં : ૧ થી ૯, કુલ : ૯**

**ઉગમણા દ્વારના ઓરડાનાં : ૧૦, ૧૧, ૧૨, કુલ : ૩**

## લોયા (સુરાખાચરનો દરબારગઢ)

**સુરાખાચરના દરબારગઢમાં પરમહંસની જાયગાનું : ૧, કુલ : ૧**

**સુરાખાચરના દરબારગઢનાં : ૨ થી ૧૮, કુલ : ૧૭**

## પંચાળા (ઝીણાભાઈનો દરબારગઢ)

**ઝીણાભાઈના દરબારગઢનાં : ૧ થી ૭, કુલ : ૭**

## વડતાલ

**શ્રી લક્ષ્મીનારાયણના મંદિરમાં સિંહાસન ઉપર, (સિંહાસન એટલે પ્રવેશદ્વાર - જ્યાં બે સિંહની મુખમુદ્રા આજે પણ જણાય છે ત્યાંનું) : ૩, કુલ : ૧**

**શ્રી લક્ષ્મીનારાયણના મંદિરનું : ૪, કુલ : ૧**

**મંદિરમાં મંડપ નીચેનું (મંડપ એટલે ઘુમ્મટ) : ૧૮, કુલ : ૧**

**મંદિરમાં રૂપચોકી એટલે કે ઉગમણાં પગથિયાની આગળ પ્રદક્ષિણામાં પહેલું વિશ્રાંતિ સ્થાન : ૧૯, કુલ : ૧**

**મંદિરના ઉગમણા પગથિયા આગળ મંચ ઉપરનાં : ૬, ૭, ૮, ૯, ૧૧** (બીજી સભા), **કુલ : ૫**

**મંદિર આગળનું : ૧૪, કુલ : ૧**

**મંદિરની આગળ લિંબતરુ નીચેનાં (આજે જ્યાં ચરણારવિંદની છત્રી છે) : ૧૦, ૧૧** (પહેલી સભા), **૧૨, ૧૩, ૧૫, ૧૬, ૨૦, કુલ : ૭**

**શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની સન્મુખ હવેલીનું (આચાર્યશ્રીની હવેલી, મંદિર બંધાયું તે સાથે જ બંધાયેલી) : ૧૭, કુલ : ૧**

**ગોમતી કાંઠે આંબાવાડીયાનાં : ૧, ૨, ૫, કુલ : ૩**

## અમદાવાદ

**શ્રી નરનારાયણના મંદિરના : ૧, ૨, ૩, કુલ : ૩**



દરબારગઢ – ગઢડા



દરબારગઢ – કારીયાણી



દરબારગઢ – લોયા



દરબારગઢ – પંચાળા



દરબારગઢ – સારંગપુર









# વચનામૃતમાં ધર્મકુળ-આચાર્યપદ

**પહેલા શું ?**

વચનામૃતનું સંપાદન ? કે

સત્સંગમાં ધર્મકુળનું આગમન ?

ઘણા સમયથી સંતો-હરિભક્તોના મનમાં મૂંઝવતા રહસ્યમય અને વિવાદિત પ્રશ્ન વિષે હવે થોડુંક વિચારીએ.

સર્વપ્રથમ તો આપણે સૌએ ધ્યાનમાં રાખવું ઘટે કે **વચનામૃતના ઉપદેશો** ભગવાન શ્રી સ્વામિનારાયણે આશ્રિત સંતો-ભક્તોને ઉદ્દેશીને આચાર્ય અને ગુરુ તરીકે કહેલા છે. સંપ્રદાયમાં આચાર્ય એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણના પિતા ધર્મદેવના કુળમાંથી ગુણવત્તાની દૃષ્ટિએ દેશ-વિભાગના લેખને અનુસરીને જે બે ગૃહસ્થ પુરુષની ધર્મકુળ આચાર્ય પરંપરાના ધોરણે આચાર્યપદે, સંપ્રદાયના ત્યાગી-ગૃહસ્થના અગ્રેસરોની સાક્ષીયુક્ત લખાયેલા લેખ પ્રમાણે પૂર્વ આચાર્યની અનુમતિથી નિયુક્તિ થઈ હોય તે પુરુષનું પદ એટલે **આચાર્યપદ**. તેની પ્રતિષ્ઠા અને ગૌરવ સંપ્રદાયમાં શ્રીજીમહારાજની તુલ્ય છે. કારણ કે જે સ્થાનેથી ભગવાન શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતોને ઉપદેશ આપતા હતાં, ધર્મ-જ્ઞાન-વૈરાગ્યનું રક્ષણ પોષણ કરતા હતાં તે જ સ્થાન પર શ્રીજીમહારાજના જ સ્વહસ્તે પ્રસ્થાપિત થયેલ ધર્મકુળ વંશના ગૃહસ્થ પુરુષ એટલે **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય** એટલે કે સંપ્રદાયના આધ્યાત્મિક તેમજ વ્યવહારિક બાબતના સર્વોચ્ચ વડા.

સંપ્રદાયના સિદ્ધાંત અને સર્વજીવહિતાવહ **પ્રણાલિકા**ની અતિ મહત્ત્વની વાત સૌ કોઈના ધ્યાનમાં હંમેશા રહે એ કારણે, વચનામૃતના સંપાદનકાર્યની શરૂઆત ધર્મકુળ વંશના સભ્યો - અયોધ્યાથી સૌપ્રથમવાર સંપ્રદાયમાં આવ્યા તે પછી જ થયેલી જણાય છે. કેટલાક લોકો કહે છે કે ધર્મકુળ વંશના સભ્યો પહેલા-વહેલા લોયામાં સં. ૧૮૭૭માં ભગવાન શ્રી સ્વામિનારાયણે 'શાકોત્સવ' ઉજવ્યો તે પછી આવેલા છે, પરંતુ આ માન્યતા બરાબર નથી. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ 'શ્રીહરિલીલામૃત ગ્રંથ'માં લોયાના શાકોત્સવનું સુરેખ વર્ણન કરેલું છે. તેમાં સ્પષ્ટ શબ્દોમાં ઉલ્લેખ કરેલો છે :

**'ઈચ્છારામ ને રામપ્રતાપ, નિજદેશ ગયા હતા આપ;**
**પ્રભુદર્શન ચિત્ત ચહાઈ, આવ્યા તે સમે તે લોયામાંઈ.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૮૩/૨૫-૨૬)

આ નિર્દેશ સ્પષ્ટ સૂચવે છે કે ધર્મકુળ લોયામાં આવ્યું તો હતું જ, પરંતુ પ્રથમવાર નહીં. લોયામાં ઉજવાયેલા શાકોત્સવ અગાઉ ધર્મકુળ વંશના સભ્યો સત્સંગ-સંપ્રદાયમાં આવ્યા હતા. વચનામૃતના સંપાદનની શરૂઆત જે ઉપદેશોથી

કરવામાં આવી છે તેની તિથિ સં. ૧૮૭૬ના માગશર સુદ ૪ છે. આ વચનામૃતના ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજે **'ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે'** એવું કહ્યું છે. આ વાક્યના ઉત્તરમાં વપરાયેલા 'ધર્મકુળ આશ્રિત' એ શબ્દોનો અર્થ, સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતના જ્ઞાનથી વંછિત અથવા ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત કહેવાતા છતાં પણ શ્રીજીમહારાજના મૂળભૂત સૈદ્ધાંતિક વિચારને ન સમજી શકનારા કેટલાક લોકો 'ધર્મ, વૈરાગ્ય, જ્ઞાનાદિક ધર્મના અંગભૂત શુભગુણોના કુળનો એટલે કે સમૂહનો આશ્રિત' એવો અર્થ કરે છે, પણ એ બરાબર નથી. આવો શુલ્ક અર્થ ફક્ત પોતાના નિજી સ્વાર્થને સિદ્ધ કરવા માટે જ કરવામાં આવ્યો છે. અહીં 'ધર્મ' શબ્દ ગુણવાચક અર્થમાં વપરાયેલો જ નથી, પણ **પુરુષવાચક** અર્થમાં વપરાયેલો છે. અર્થાત્ ધર્મકુળને આશ્રિત એટલે **'ધર્મદેવના કુળને આશ્રિત'** એવો અર્થ ગ્રહણ કરવો ઈષ્ટ છે.

'ધર્મકુળ' શબ્દનો બીજો પણ અર્થ મૂળભૂત સંપ્રદાયના કેટલાક હિતેચ્છુઓ કરે છે કે, 'ધર્મકુળ એટલે ધર્મદેવનું કુળ - શ્રીજીમહારાજ ધર્મદેવના કુળમાં પ્રગટ થયા છે માટે ધર્મકુળ એટલે શ્રીજીમહારાજ.' શ્રીજીમહારાજના આશ્રિત એટલે ધર્મકુળને આશ્રિત કહેવાય આવો અર્થ કરી પોતાની જાતને ધર્મકુળ આશ્રિત માનીને મનમાં સંતોષ માની લે છે. પરંતુ આ અર્થ પણ મૂળભૂત સંપ્રદાયના સિદ્ધાંત કે શાસ્ત્રોને અનુરૂપ થતો નથી. સમગ્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ્યાં જ્યાં **'ધર્મકુળ'** શબ્દ આવે છે ત્યાં ત્યાં 'ધર્મદેવના કુળ પરંપરામાં પ્રગટ થયેલ શ્રીજીમહારાજે પ્રસ્થાપિત કરેલ **આચાર્ય પરંપરા** જ થાય છે.' તેને આશ્રિત ત્યાગી-ગૃહસ્થ જ ધર્મકુળને આશ્રિત કહેવાય છે.

વળી, આ વચનામૃતમાં વપરાયેલા આ શબ્દોનો અર્થ પોતાને શિક્ષિત અને સુધરેલા જમાનાના તરીકે ઓળખાવતી કેટલીક વ્યક્તિઓ 'ધર્મ પાળે તે ધર્મકુળ' અથવા 'ધર્મગુણ વિશેષનું કુળ' એવો અર્થ કરે છે, જે બરાબર નથી. શિક્ષાપત્રીના શ્લોક - ૩જામાં તેનો અર્થ સમજાવેલો છે. એ શ્લોકમાં **સંપ્રદાય માટે પોતે જે પુરુષોની આચાર્ય પદે પસંદગી કરીને નિયુક્તિ કરેલી છે,** તેનો ભગવાન શ્રીહરિ પોતે શ્રીમુખે પરિચય આપતા કહે છે :


"અમારા પિતા ધર્મદેવના બીજા બે પુત્રો અને અમારા ભાઈઓ મોટા રામપ્રતાપભાઈ અને નાના ઈચ્છારામભાઈ, એમના પુત્રો અનુક્રમે અયોધ્યાપ્રસાદ અને રઘુવીરને અમે અમારા દત્તપુત્ર કરીને સંપ્રદાયના સર્વે સત્સંગીના **આચાર્યપદે** સ્થાપન કર્યા છે."

આ શ્લોકમાં આચાર્યોનું નામ જોગ સંબોધન કરેલું છે. જો આમાં માત્ર આચાર્યોના નામનો નિર્દેશ અને સંબોધન જ કરવાનું હોત તો, શ્લોક-૪ અને ૫માં જેમ બ્રહ્મચારી, ત્યાગી, ગૃહસ્થાશ્રમી અને સાધુ-ત્યાગી વર્ગના પ્રતિનિધિઓના માત્ર નામ-નિર્દેશ કરેલા છે તે પ્રમાણે આ શ્લોકમાં પણ માત્ર આચાર્યોના નામ જ લખ્યા હોત. પરંતુ એ નામો સાથે ચાર વિશેષણો : 'भ्रात्रोः, धर्मजन्मनोः, यावयोध्याप्रसादाख्यरघुवीराभिधौ અને सुतौ' ખાસ વાપરેલાં છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આચાર્યપદ પોતાના ભત્રીજાઓના વંશમાં નહિ, પણ પોતાના પિતા ધર્મદેવના વંશજોમાંથી દત્તપુત્ર કરીને સ્થાપિત કરેલું છે. આ હકીકત તરફ ધ્યાન દોરવા ખાતર જ **'ધર્મદેવ થકી જેમનો જન્મ થયો છે'** અને **'અમારા ભાઈ રામપ્રતાપજી અને ઈચ્છારામજી એમના પુત્રો'** એવો ત્રણ પેઢીનો પરિચય દાખવતાં બે વિશેષણો વાપરેલાં છે.

હવે, પહેલાં જ વચનામૃતમાં વપરાયેલા આ શબ્દો ઉપરથી **ધર્મદેવના કુળના સભ્યો** સંપ્રદાયમાં **સં. ૧૮૭૬ના માગશર સુદ - ૪ પૂર્વે** આવેલા છે એવો સ્વીકાર મને-કમને પણ કરવો જ પડે તેમ છે. સં. ૧૮૭૬ પૂર્વે એટલે ક્યારે ? તો એની સ્પષ્ટતા - જેમને ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જોવા જાણવાની અદ્‌ભુત દૃષ્ટિ અને શક્તિ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી પ્રાપ્ત થયેલી હતી એવા સ્વતઃસિદ્ધ સમાધિનિષ્ઠ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ સંપ્રદાયના મહાન સમ્રાટ અને આધારભૂત ધર્મગ્રંથ 'શ્રી સત્સંગિજીવન'માં સં. ૧૮૭૫માં વડતાલમાં કરેલ પુષ્પદોલોત્સવ કર્યો તે પ્રસંગમાં કરેલી છે.

'मुनिभिश्च जनैः सर्वैर्मानितौ तावुभावथ। रामप्रतापेच्छारामौ हरेरग्रे निषेदतुः ॥' - પછી રામપ્રતાપ અને ઈચ્છારામ બન્ને ભાઈઓ તે મુક્તાનંદ આદિ સાધુઓ તથા મયારામ ભટ્ટ આદિ- સર્વ સત્સંગીઓ વડે સત્કાર પામી શ્રીહરિની આગળ સમીપે બેઠા.

(શ્રી સત્સંગિજીવન : ૩/૫૩/૧૦)



આ શ્લોક એ સ્પષ્ટ બતાવે છે કે, સં.૧૮૭૬ના ફાગણ માસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલમાં ભવ્ય ફૂલડોલનો અભૂતપૂર્વ ઉત્સવ કર્યો તે સમયે ધર્મદેવના કુળના સભ્યો રામપ્રતાપજી મહારાજ તથા ઈચ્છારામજી મહારાજ આદિકની હાજરી હતી. આથી એવું નિષ્પન્ન થાય છે કે, વચનામૃતના સંપાદનનું પ્રારંભનું વર્ષ સં.૧૮૭૬ છે. અને સત્સંગમાં ધર્મકુળની હાજરી સંપ્રદાયના શાસ્ત્રો સં. ૧૮૭૫ની સાલથી દર્શાવે છે. માટે જે લોકો પ્રથમ પ્રકરણના ૧લા વચનામૃતમાં ધર્મકુળનો અર્થ અવળો સમજે છે અને સમજાવે છે તેઓ એમ કહે છે કે 'સં. ૧૮૭૬ની સાલમાં ધર્મકુળ સંપ્રદાયમાં આવ્યું જ ન હતું. ધર્મકુળ તો લોયામાં સં. ૧૮૭૭ની સાલમાં આવ્યું હતું. તેથી પહેલા વચનામૃતમાં તો ધર્મકુળનો અર્થ અમે સમજાવીએ છીએ એવો જ ('ધર્મ પાળે તે ધર્મકુળ' અથવા 'ધર્મગુણ વિશેષનું કુળ') છે' તો તેઓની આ દલિલનું સંતોષકારક સમાધાન ઉપરોક્ત પ્રમાણે છે.

હવે મૂળ મુદ્દો એ છે કે, 'ભગવાન શ્રી સ્વામિનારાયણે **પોતાના તમામ ઉપદેશોનું સંપાદન** કરાવીને ૨૬૨ વચનામૃતોને જ પસંદ કરી તેમાં સૌપ્રથમ વચનામૃતમાં જ **પોતાનો હૃદયગત અભિપ્રાય** દર્શાવ્યો છે કે અમે અમારા ધામમાંથી **ત્રણ ગૂઢ સંકલ્પો** કરીને આ ભૂમંડળ પર પધાર્યા છીએ : ૧. મંદિરો બનાવવા, ૨. શાસ્ત્રો રચવા ને રચાવવા અને ૩. અમારા સ્થાને ધર્મકુળમાં આચાર્યપદની સ્થાપના કરવી.'

તો આ પૈકી ત્રીજા ગૂઢ સંકલ્પને પહેલા વચનામૃતમાં જ પ્રદર્શિત કર્યો અને સામાન્ય કક્ષાનો જીવાત્મા પણ હોય તેના મોક્ષ માટેની ઘોષણા કરતાં કહ્યું : "અમારા ધર્મકુળને આશ્રિત જે જીવ હશે તે દેહને મૂકીને બ્રહ્મમય દેહને પામી અમારા ધામમાં રહેશે."

કોઈ એમ કહે કે વચનામૃત એ શ્રીજીમહારાજની **પરાવાણી** છે, તેઓશ્રીના જ સ્વમુખના પ્રાસાદિક વચનો છે, તેમનું જ સ્વરૂપ છે. તો વચનામૃતોમાં ક્યાંય પણ ધર્મકુળનો કે આચાર્યપદનો ઉલ્લેખ કેમ કર્યો નથી ? તો તેમની આ દલિલ તો પહેલા વચનામૃતથી જ ધૂળમાં મળી જાય છે.

અને વળી, વરતાલ પ્રકરણના ૧૮માં વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે : **"અમે અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત જાણવી."** આમ, સત્સંગી હોય અને જેણે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો સ્વીકાર કર્યો હોય અને સંપ્રદાયમાં રહેવા માંગતા હોય તેને અવશ્ય જાણવા અને અનુસરવા માટે **પાંચ વાતો** તરફ ધ્યાન દોર્યું છે. તેમાં એક આ વાતનો પણ સમાવેશ થાય છે કે, 'સંપ્રદાયના સિદ્ધાંત મુજબ સમગ્ર સંપ્રદાયના ત્યાગી-ગૃહી આશ્રિતોના ગુરુ તે ધર્મવંશી આચાર્ય જ છે. તેનો આશરો કરીને જ અક્ષરધામના અધિકારી બની શકાય છે, અન્યથા નહીં.'

વળી, અમદાવાદના ૩જા વચનામૃતમાં પણ ભગવાન શ્રીહરિ કહે છે : "અયોધ્યાવાસીએ તો અતિશય જ સત્સંગપરાયણ પોતાનું જીવિતવ્ય કર્યું છે. માટે અયોધ્યાવાસીની પેઠે ભગવાનને રાજી કરતાં કોઈને આવડતું નથી અને એ અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે. માટે કોઈક કપટી હશે તો એમને છેતરી જશે." આમ કહીને અયોધ્યાવાસીઓની બહુજ ચિંતા કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણે અંતે કહ્યું છે કે, "...એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી, એમ અમારી આજ્ઞા છે."

આમ, શ્રીજીમહારાજને અતિ વ્હાલું અને વિશ્વાસુ એવું **ધર્મકુળનો ઉલ્લેખ** વચનામૃતોમાં અનેકવાર આભ્યંતર અને બાહ્યાંતર રીતે જોવા મળે છે.

હવે એક પ્રશ્ન એવો પણ ઉદ્‌ભવે કે શ્રીજીમહારાજે ભૂમંડળ પર વિદ્વત્તામાં જેમનો કોઈ જોટો ન જડે તેવા પરમહંસોમાંથી કોઈને પોતાના સ્થાને આરૂઢ ન કરતાં ધર્મકુળ વંશમાંથી શ્રી રઘુવીરજી મહારાજ અને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને જ કેમ ગાદી ઉપર આરૂઢ કરી સારાંય સંપ્રદાયના **આચાર્ય** તરીકે સ્થાપ્યા ? તેનો એકજ ઉત્તર છે કે, ૨૬૨ વચનામૃતોમાં અનેક તાત્ત્વિક પ્રશ્નો પૂછાયા છે. જે પ્રશ્નો સામાન્ય પંડિતોથી તો થવા અશક્ય જ છે. જે પ્રશ્નો ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આદિક સંતોએ કરેલા છે. પરંતુ વચનામૃતોમાં જેટલાં પણ પ્રશ્નો પૂછાયા છે તે પ્રૌઢ અવસ્થાએ પહોંચેલા સંતો-હરિભક્તોએ પૂછેલા છે. સારાય સંસારની પરિસ્થિતિ જાણ્યા-માણ્યા પછી ઉદ્‌ભવેલાં પ્રશ્નો સંતો-ભક્તોએ પૂછ્યા છે. અનેક શાસ્ત્રોના અધ્યયન પછી ઉઠેલી શંકાઓના સમાધાન માટે પ્રશ્નો પૂછાયા છે, પરંતુ ૨૬૨ વચનામૃતોમાં પૂછાયેલા તમામ પ્રશ્નો પૈકી ફક્ત ૪ પ્રશ્નો બાકાત છે. જે ગઢડા મધ્ય પ્રકરણના ૬૨માં વચનામૃતમાં તથા ગઢડા અંત્ય પ્રકરણના ૧૪ અને ૧૮માં વચનામૃતમાં આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વારા પૂછવામાં આવ્યા છે.

ગઢડા મધ્ય પ્રકરણના ૬૨માં વચનામૃતમાં અયોધ્યપ્રસાદજી મહારાજે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો છે કે, "આ સંસારને વિષે એવો પુરુષ હોય જે આઠો પહોર તો વિટંબનામાં રહ્યો હોય અને ગમે એવું યોગ્ય અયોગ્ય કર્મ પણ થઈ જતું હોય અને તે એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો હોય, ત્યારે તે ભજને કરીને તેણે દિવસ બધામાં પાપ કર્યું તે બળે કે ન બળે ?'"

એ પછી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યો કે, "હે મહારાજ! આ જીવનો મોક્ષ તે કેમ કરે ત્યારે થાય છે?"

આ પ્રશ્નો પૂછતી વખતે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ઉંમર ૧૬ વર્ષની અને શ્રી રઘુવીરજી મહારાજની ઉંમર ૧૩ વર્ષની હતી. હવે **૧૬ વર્ષના અને ૧૩ વર્ષના કિશોર**ને આવી મોક્ષની અને ભગવદ્‌પ્રાપ્તિની **તીવ્ર ઝંખના** ભાગ્યે જ જોવા મળતી હોય છે. અને આવા મોક્ષ ઉપયોગી પ્રશ્નો હૃદયમાં ઉદ્‌ભવતાં હોય છે. કેટલી પરમાત્માને પ્રાપ્ત કરવાની આતુરતાં અને ભજન કરવાની ઝંખના હશે ત્યારે આવા પ્રશ્નો આટલી નાની વયે તેમના અંતરમાં ઉઠ્યાં હશે !!!

વળી, ગઢડા અંત્ય પ્રકરણના ૧૪માં વચનામૃતમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પૂછ્યું કે, "એકની તો બુદ્ધિ પણ ઘણી હોય, ને શાસ્ત્રમાં પણ બહુ દૃષ્ટિ પુગતી હોય અને બીજો છે તેની તો બુદ્ધિ પણ થોડી હોય, ને શાસ્ત્રમાં પણ ઝાઝું જાણતો ન હોય અને ઘણી બુદ્ધિવાળો હોય તે સત્સંગમાંથી વિમુખ થઈ જાય છે, અને થોડી બુદ્ધિવાળો હોય તે દૃઢ થકો સત્સંગમાં રહે છે તેનું શું કારણ છે?" આ પ્રશ્ન પૂછતી વખતે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની ઉંમર ૧૯ વર્ષની હતી.

ગઢડા અંત્ય પ્રકરણના ૧૮માં વચનામૃતમાં શ્રી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યો કે, "જેવી જાગ્રત અવસ્થાને વિષે જીવની સ્થિતિ છે તેવી સ્વપ્ન અવસ્થાને વિષે કેમ રહેતી નથી?" આ પ્રશ્ન શ્રી રઘુવીરજી મહારાજે ૧૪ વર્ષની વયે પૂછ્યો હતો.

આટલી નાની વયમાં આટલાં બધા આંતરિક દોષો તરફ જાગૃત વર્તતા અને તેમને ટાળવા માટે સતત પ્રયત્નશીલ રહેનારા આ બંને આચાર્યશ્રીઓને શ્રીજીમહારાજે સારાંય સંપ્રદાયના **ગુરુપદે** સ્થાપ્યા હતા, તે **નિર્વિવાદ વાત** છે.

# વચનામૃતમાં શ્રીજીમહારાજના વસ્ત્ર-પરિધાનો



આપણે જે વચનામૃતમાં સાંભળી રહ્યા છીએ કે વાંચી રહ્યા છીએ તેના ઉદ્‌ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણે તે વચનામૃતનું ઉદ્‌બોધન કરતી વખતે કેવા કેવા વસ્ત્રો ધારણ કર્યા હતા તેનું ધ્યાનરૂપ અનુસંધાન માટે સંપાદક પરમહંસોએ દરેક વચનામૃતના પ્રથમ ફકરામાં શ્રીજીમહારાજે તે વખતે ધારણ કરેલ વસ્ત્રાભૂષણોનું આબેહૂબ શબ્દચિત્ર આપણી સમક્ષ મૂક્યું છે.

સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી 'શ્રીજી વિરહની ગરબી'માં જણાવે છે કે,

**'સદા શ્વેતાંબર શ્રીજી ધારતા રે, અંબર જરકસિયા કોઈ વાર;**
**સજની શ્રીજી મુજને સાંભર્યા રે...'**

ભગવાન શ્રી સ્વામિનરાયણ પ્રાયઃ સફેદ વસ્ત્રો જ ધારણ કરતાં. ક્યારેક ભક્તોના આગ્રહથી જરકસી, સોનેરી, કિનખાબ આદિક વસ્ત્રો ધારણ કરતાં. વચનામૃતમાં દૃષ્ટિ કરતાં જણાઈ આવે છે કે, શ્રીજીમહારાજ સદાય શ્વેત વસ્ત્રો જ પહેરતાં હતાં.

કુલ વચનામૃતની સંખ્યા ૨૬૨ છે, તે પૈકી ૧૫૭ વચનામૃતોમાં **'સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હતા'** એટલી જ ટૂંકી વિગત મળે છે. તેમાં શ્વેત વસ્ત્રો સિવાય બીજા કોઈપણ વસ્ત્રોનો નિર્દેશ નથી. જેમ કે,

ગઢડા પ્રથમ પ્રકરણના કુલ ૩૮ વચનામૃતોમાં, સારંગપુર પ્રકરણના ૧૨ વચનામૃતોમાં, કારિયાણી પ્રકરણના ૬ વચનામૃતોમાં, લોયા પ્રકરણના ૧ વચનામૃતમાં, ગઢડા મધ્ય પ્રકરણના ૪૫ વચનામૃતોમાં, વરતાલ પ્રકરણના ૧૬ વચનામૃતોમાં, અમદાવાદ પ્રકરણના ૧ વચનામૃતમાં, ગઢડા અંત્ય પ્રકરણના ૩૮ વચનામૃતોમાં : કુલ ૧૫૭ વચનામૃતોમાં 'સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હતાં' એવો ટૂંકો ઉલ્લેખ જોવા મળે છે. બાકીનાં ૧૦૫ વચનામૃતોમાં **વિવિધ પ્રકારના વસ્ત્રો** ધારણ કર્યાનો ઉલ્લેખ છે.

વચનામૃતના અધ્યયન પરથી સ્પષ્ટ જણાય છે કે, શ્રીજીમહારાજને પ્રિય પોશાકમાં પહેરવામાં સફેદ ધોતી, ઓઢવામાં સફેદ ચાદર, ચોફાળ કે ખેસ હતો.

૨૬૨ વચનામૃતોમાં સુરવાળ પહેર્યાનાં ઉલ્લેખવાળા વચનામૃતોની સંખ્યા ૧૮ છે : જેમ કે, રાતો સુરવાળ (પ્ર.૧૩), ધોળો સુરવાળ (પ્ર.૨૩, ૫૧, ૫૩, સા.૯, લો.૪, ૫, ૯, ૧૦, વર.૧), રૂ ભરેલો ધોળો સુરવાળ (લો. ૧, ૩, ૭), સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાબનો સુરવાળ (કા.૬), રાતા કિનખાબનો સુરવાળ (લો.૨, મ.૯), પીળા તાસતાનો સુરવાળ (વર.૨), કિનખાપનો સુરવાળ (વર.૧૫).

૨૬૨ વચનામૃતો પૈકી શ્રીજીમહારાજે ૧૫૭ વચનામૃતોમાં સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કરેલ છે તથા ૧૮ વચનામૃતોમાં સુરવાળ પહેર્યો છે તથા બાકીના ૮૭ વચનામૃતોમાં ખેસ કે ધોતિયું પહેર્યાનો ઉલ્લેખ જોવા મળે છે.

હવે, ખેસ શબ્દનો અર્થ વચનામૃતમાં બે રીતે લેવામાં આવે છે. પરંતુ લક્ષમાં લેવા જેવી બાબત એ છે કે, જ્યાં **'ખેસ પહેર્યો હતો'** એવું જ્યાં લખાણ જોવા મળે ત્યારે ત્યાં ધોતી એટલેકે કમરથી નીચે ધોતિયાનાં સ્વરૂપમાં ખેસ પહેર્યો હતો તેમ સમજવું. અને જ્યાં **'ખેસ ઓઢ્યો હતો'** તેવા વાક્યનો પ્રયોગ જોવા મળે ત્યારે કમરથી ઉપર ઉત્તરીય વસ્ત્ર, ઉપરણી, ખભે નાંખવાની પછેડી અથવા દુપટ્ટો એમ અર્થ કરવો જોઈએ. કારણ કે ગઢડા અંત્ય પ્રકરણના ૨૩માં વચનામૃતમાં માનસી પૂજાની વિધિમાં ભગવાન શ્રીહરિ કહે છે કે, 'પ્રથમ ભગવાનને નવરાવવા ને પછી ધોયેલો ધોળો ખેસ સુંદર, ઝીણો અને ઘાટો હોય તે પહેરવા આપવો.' અહીં સ્પષ્ટપણે સમજાય છે કે ખેસનો ઉપયોગ અહીં પહેરવા માટે છે એટલે કે ધોતિયાના અર્થમાં છે.

'શ્રીજીમહારાજે ધોળું ધોતિયું પહેર્યું હતું' એમ ધોતિયું શબ્દનો એકજવાર ગઢડા મધ્યના ૩૪માં વચનામૃતમાં ઉલ્લેખ થયો છે. બાકી બધે 'ખેસ પહેર્યો હતો' તેવું વર્ણન છે. ક્યારેક ક્યારેક માગશર-પોષ મહિનાની કડકડતી ઠંડી હોય ત્યારે ભગવાન શ્રીહરિ **બોકાની** પણ બાંધતા. જેમ કે,

- 'ધોળો ફેંટો બોકાની સહિત બાંધ્યો હતો.' (કા.૧૨)
- 'બીજે ધોળે ફેંટે કરીને બોકાની વાળી હતી.' (લો.૬, ૧૩, ૧૫)
- 'બીજા ફેંટે કરીને બોકાની વાળી હતી.' (લો. ૧૬)
- 'ધોળી બોકાની.' (લો.૧૭, ૧૮)

આમ, કુલ ૨૬૨ વચનામૃતો પૈકી ૭ વચનામૃતોમાં શ્રીજીમહારાજે બોકાની બાંધી હોય તેવો ઉલ્લેખ છે.

કેટલાક વચનામૃતોમાં **ફેંટો** બાંધ્યો હતો તેવો ઉલ્લેખ છે. તે ફેંટો માથે બંધાતો તેમજ કેડે પણ બંધાતો. શ્રીજીમહારાજ ફેંટાનો આમ બે રીતે ઉપયોગ કરતા. ભગવાન શ્રીહરિ **સુરવાળ** ક્યારેક પહેરતાં અને મોટે ભાગે સફેદ જ તેઓ પસંદ કરતા. ગરમપોસની **ડગલી** એટલે રૂ ભરીને સીવેલી ડગલી શ્રીજીમહારાજ શિયાળામાં પહેરતા. પ્રસંગોપાત શ્રીજીમહારાજ **શેલું** પણ ઓઢતા. અંગરખું કે ડગલી ખાસ કરીને સભામાં જવલ્લે જ પહેરીને બેસતા. મોટે ભાગે ગઢપુરમાં નિવાસ દરમિયાન ચાદર, ખેસ, ચોફાળ, ધોતિયું વગેરે આજે જેમ સંતો ઉત્તરીય વસ્ત્ર ઓઢે છે તેમ ઓઢતા. શેલું માથે બાંધતા તેમજ ક્યારેક ઓઢતા પણ ખરું.

આખા વચનામૃત ગ્રંથમાં શ્રીજીમહારાજે **વિલાયતી કાપડ** ધારણ કર્યું હોય તેવો ઉલ્લેખ માત્ર એકજવાર ગઢડા અંત્ય ૩૧માં વચનામૃતમાં આવે છે કે, 'ધોળો ખેસ પહેર્યો હતો તથા રાતી કોરનું વિલાયતી ધોળું ધોતિયું ઓઢ્યું હતું.'

આવી રીતે, સંપાદક સદ્‌ગુરુ સંતોની કૃપાથી આજે પણ વચનામૃતના માધ્યમથી શ્રીજીમહારાજની **વાણી** કેવી હશે તે તો જાણી જ શકાય છે. સાથોસાથ ભગવાન શ્રી સ્વામિનારાયણનો કેવો **સ્વભાવ** હશે ? તેમનો પહેરવેશ કેવો હશે ? તેઓ કેવા લાગતાં હશે ? તેનો આબેહૂબ ચિતાર પણ મળી જાય છે.



# વચનામૃતની ઐતિહાસિક પ્રમાણભૂતતા



**વચનામૃત**નું **સ્થાન** વિશ્વભરના ધાર્મિક કે આધ્યાત્મિક ગ્રંથોમાં ઐતિહાસિક પ્રમાણભૂતતાની દૃષ્ટિએ **અજોડ** છે. હિન્દુ પરંપરાના મૂળભૂત મહત્ત્વના ગ્રંથો જેવા કે - વેદો, ઉપનિષદો, પુરાણો, સ્મૃતિઓ, રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભગવદ્ ગીતા આદિકનો **રચનાકાળ** વિષે જનસમાજ પાસે આજ સુધી કોઈપણ **ચોક્કસ માહિતી** ઉપલબ્ધ નથી. એ ગ્રંથોની રચના વિષે જુદાં જુદાં વિદ્વાનો અનેક પ્રકારના અનુમાનો દ્વારા અલગ-અલગ મંતવ્યો રજૂ કરે છે. તેવી જ રીતે જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી, મુસ્લિમ વગેરે વિશ્વના મુખ્ય ધર્મોના મૂળભૂત મુખ્ય ગ્રંથોની રચનાની કોઈપણ ચોક્કસ અને નિર્ણયાત્મક સાલ કે તિથિ નથી.

આ દૃષ્ટિએ જોતા વચનામૃત બધા જ મુખ્ય **વિશ્વધર્મોના ગ્રંથો**માં એક **વિશિષ્ટ કક્ષાનું સ્થાન** પ્રાપ્ત કરે છે. બીજા કોઈપણ ધર્મસ્થાપકના ઉપદેશો તેમની હયાતીમાં નોંધાયા નથી. અને માટે જ પછીથી સેંકડો વર્ષો બાદ ગ્રંથસ્થ થયેલ એમના ઉપદેશોને મૂળ વક્તાની સ્વીકૃતિ અને સંમતિ ન જ મળી હોય તે સમજી શકાય તેમ છે. અને એ ઉપદેશવચનો વર્ષો પછી પણ એજ સ્વરૂપે શ્રુતપરંપરામાં જળવાયાં છે, તોપણ સામાન્ય જનસમુદાયને તેની પ્રમાણભૂતતા અને યથાર્થતામાં શંકા ઉપસ્થિત થયા વગર રહે જ નહીં એ સ્વાભાવિક છે. જેમ કે **શ્રીમદ્ ભાગવત** ગ્રંથનું લેખનકાર્ય શ્રીકૃષ્ણ ભગવાનના સ્વધામગમન પછી થયું છે. **શ્રીમદ્ ભગવદ્ ગીતા** ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીના મુખથી બોલાયા પછી કેટલાક વર્ષો બાદ લખાઈ છે. રામાયણ ભગવાન શ્રીરામચંદ્રજીના આ પૃથ્વી પર પ્રાગટ્ય પૂર્વે ૨૧ લાખ વર્ષો પહેલા લખાઈ છે. માટે તે તે ગ્રંથોના વક્તા અથવા મુખ્ય નાયક દ્વારા આ ગ્રંથો પ્રત્યક્ષ સંમતિ પ્રાપ્ત કરી શક્યા નથી એ સત્ય તો આપણે મને-કમને સ્વીકારવું જ રહ્યું. અને એજ કારણથી આજે શ્રીમદ્ ભાગવતમાં પણ ક્ષેપક શ્લોકોનો ઉમેરો કરીને જનસમાજ સુધી પહોંચાડવામાં આવે છે. અરે ! આજે રામાયણ બાબતમાં આપણે ક્યું રામાયણ સાચું તેનો નિર્ણય લઈ શકતા નથી. કારણ કે આજે ૭૦૦ પ્રકારના રામાયણો વિધવિધ કવિઓ, સંતો-મહાપુરુષોએ ભગવાન શ્રીરામના જીવન-ચરિત્ર વિષે રચ્યાં છે. તેના પરથી ભગવાન શ્રીરામચંદ્રજીના વાસ્તવિક જીવનનો સંપૂર્ણ ખ્યાલ પ્રાપ્ત કરી શકતા નથી અને દ્વિધા તેમજ શંકાના વમળોમાં ગૂંચવાયા જ રહીએ છીએ.

એ દૃષ્ટિએ વચનામૃતના ગ્રંથસ્થ ઉપદેશો, ઉદ્‌બોધક **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના સમકાલીનમાં એમની સામે બેઠા બેઠા સાંભળતી વખતે જ નોંધાયા છે. એટલું જ નહીં, પણ સમર્થ સંપાદક પરમહંસોએ **વચનામૃતનું સંપાદન** કરી શ્રીજીમહારાજને બતાવીને **પ્રમાણભૂતતા** અને યથાર્થતાની **મો’રછાપ** મરાવી છે.

આમ, પોતાના ઉપદેશોને મળેલા ગ્રંથસ્વરૂપને તેના ઉદ્‌બોધક-વક્તાએ પોતે જ જોઈને કે સાંભળીને સ્વીકૃતિ અને સંમતિ આપેલી હોય એવું શાસ્ત્ર વિશ્વધર્મના ઈતિહાસમાં જો કોઈ હોય તો તે આ **‘વચનામૃત’** જ છે.

# વચનામૃતની સરળ ગુજરાતી ગદ્ય શૈલી

હિન્દુ ધર્મોની પરંપરામાં આચાર્યોએ **પ્રસ્થાનત્રયી** ઉપર સંસ્કૃતમાં **ભાષ્યો** રચીને તેનો દુર્બોધ અને કઠિન અર્થ ન્યાયની શૈલીથી સમજાવ્યો છે. તેથી તેમની ન્યાયસભર સંસ્કૃતભાષા સામાન્ય મનુષ્યને સમજવી કઠણ છે. તેમજ વેદો, ઉપનિષદો, પુરાણો, સ્મૃતિઓ, મહાભારત, રામાયણ વગેરે બધુંજ **ધાર્મિક સાહિત્ય પ્રાયઃ સંસ્કૃત ભાષા**માં જ છે. વળી, સામાન્ય જનસમાજની ભાષા સંસ્કૃત ન હોવાને લીધે સંસ્કૃતને સારી રીતે જાણનાર પંડિતવર્ગ પોતાના સ્વાર્થ ખાતર પોતાને મનપસંદ અર્થો કરીને લોકોને શાસ્ત્રો સમજાવીને ગેરમાર્ગે દોરતાં આવ્યા છે. એવું અનેક જગ્યાએ જોવા મળે છે.

એવી જ રીતે કેટલાક ગુજરાતી તથા અન્યભાષી સંતોએ, ભક્તકવિઓએ પોતપોતાના સ્વાનુભવોને આધારે કેટલુંક ધાર્મિક સાહિત્ય રચ્યું છે, પરંતુ તે **ગેય** છે. સરળ ગુજરાતી ભાષાના હોવા છતાંય છંદ, દુહા, ચોપાઈ કે જુદાં જુદાં રાગ-ઢાળના કીર્તન-ભજનોમાં તેમના ઉપદેશો સમાયેલા છે. અને કેટલીકવાર આ પદો ગૂઢ રહસ્યમય અને ક્યારેક તો અવળવાણીથી ભરપૂર હોવાથી સામાન્ય જનસમાજ સુગમતાથી સમજી શકતા નથી.

જ્યારે વચનામૃત ગ્રંથ લોકભોગ્ય સરળ ગુજરાતી, ગામડાના ભોળા-અભણ સમાજ પણ સરળતાથી સમજી શકે તેવી ગદ્યપદ્ધતિમાં રચાયેલો ગ્રંથ છે. છતાંય **સર્વ શાસ્ત્રોના સારભૂત અધ્યાત્મના ગહન રહસ્યો**ને તત્ત્વોની તાત્ત્વિક વાતો અને વ્યાકરણના દુર્ગમ અને કઠિન ઉચ્ચારવાળાં શબ્દોની આંટીઘુંટીમાં ચકરાવે ન ચડાવતાં સાદી, સીધી અને સરળ **ગુજરાતી ભાષા**માં ઢાળી તેમને પ્રખર પંડિતોના પોકળ અર્થાત્ નિરર્થક વાદ-વિવાદ તથા શબ્દાડંબરમાંથી બહાર કાઢીને જનસમાજ સુધી વહેતા મૂકનાર કોઈ ગ્રંથ હોય તો તે એકમાત્ર **'વચનામૃત'** જ છે.

ગાંધીવાદી પ્રસિદ્ધ ચિંતક શ્રી **કિશોરલાલ મશરૂવાળા** પોતાના **'સહજાનંદ સ્વામી અથવા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'** નામના ગ્રંથમાં કહે છે : "સહજાનંદ સ્વામીનાં **વચનામૃતોનો સંગ્રહ** એ તો ગુજરાતી ભાષાનું એક **રત્ન** છે. સાધન દશામાં આધ્યાત્મિક અને વિચારમય જીવન ગાળવા ઈચ્છનારને ગુજરાતી ભાષામાં આવું પુસ્તક વિચાર્યા વિના ભાગ્યે જ ચાલે એમ મને લાગે છે. એ પુસ્તકનું મનન અને નિદિધ્યાસ કરી એના સિદ્ધાંતો અને ઉપદેશોને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરનાર (ઉંચે) ચડયા વિના રહે જ નહીં. આધ્યાત્મિક સિદ્ધાંતોના રહસ્યથી અને તેનો સાક્ષાત્કાર કરવા માટે વ્યવહારિક સૂચનાઓથી ભરપૂર આટલું નાનકડું પુસ્તક ભાગ્યે જ બીજું છે. **તે વખતના ગુજરાતી ગદ્યનો એ ઉત્તમ નમૂનો છે.** એની ભાષા બહુ મુદ્દાસર, ટૂંકી, એક જ અર્થ દર્શાવનારી, થોડું ભણેલાને પણ સમજાય તેવા સહેલા શબ્દો અને સરળ વાક્ય રચનાવાળી અને જરૂર પડે ત્યાં અર્થને સ્પષ્ટ કરે એવાં દૃષ્ટાંતોવાળી છે. એમાં **યોગ્ય ઠેકાણે યોગ્ય શબ્દોનો જ ઉપયોગ** દેખાશે. **એમાં કોઈ ઠેકાણે ભ્રમકારક, સંશયાત્મક કે મોળી વાત જોવામાં નહીં આવે.** એમાં ઠેકાણે ઠેકાણે એ વચનોના કહેનારનો **સ્વાનુભવ** પ્રત્યક્ષ થાય છે."

"
સહજાનંદ સ્વામીનાં વચનામૃતોનો સંગ્રહ એ તો ગુજરાતી ભાષાનું એક રત્ન છે. સાધન દશામાં આધ્યાત્મિક અને વિચારમય જીવન ગાળવા ઈચ્છનારને ગુજરાતી ભાષામાં આવું પુસ્તક વિચાર્યા વિના ભાગ્યે જ ચાલે એમ મને લાગે છે. એ પુસ્તકનું મનન અને નિદિધ્યાસ કરી એના સિદ્ધાંતો અને ઉપદેશોને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરનાર (ઉંચે) ચડયા વિના રહે જ નહીં. આધ્યાત્મિક સિદ્ધાંતોના રહસ્યથી અને તેનો સાક્ષાત્કાર કરવા માટે વ્યવહારિક સૂચનાઓથી ભરપૂર આટલું નાનકડું પુસ્તક ભાગ્યે જ બીજું છે. તે વખતના ગુજરાતી ગદ્યનો એ ઉત્તમ નમૂનો છે.
"



# વચનામૃતમાં પ્રશ્નોત્તરાત્મક સુબોધ શૈલી અને કૃપાવાક્યો

આપણે **સામાન્ય રીતે** જોઈએ છીએ કે, કોઈ વ્યક્તિ સભામાં પ્રવચન કરવા ઊભો થાય અને પોતાનું પ્રવચન કરે ત્યારે તેમાં એ પ્રાયઃ વિચારવામાં નથી આવતું કે શ્રોતાને શું જોઈએ છે. વક્તાને જે કહેવું હોય તે કહી દેતા હોય છે. તેમાં શ્રોતા અને વક્તા વચ્ચે આત્મીયતાનો સંબંધ સંધાતો નથી. તેથી **પ્રવચનશૈલી** ઘણીવાર કંટાળાજનક નીવડે છે. ભલે પ્રવચનનો વિષય સામાન્ય જ કેમ ન હોય છતાં પણ શ્રોતાઓ સંપૂર્ણ રીતે આપેલું પ્રવચન સમજી શકતા નથી.

અધ્યાત્મનું તત્ત્વજ્ઞાન અને સાધના જેવી ગહન વાતો સમજવા માટે સીધેસીધાં પ્રવચનો કે વિવેચનોને બદલે **પ્રશ્નોત્તર શૈલી** વધારે ઉપયોગી અને કાર્યસાધક સાબિત થાય છે. પ્રશ્નોત્તર શૈલીમાં ઉપદેશક વક્તા શ્રોતાને પ્રશ્નો પૂછીને તેમની આંતરિક સમજણ અને સ્થિતિ પારખીને યોગ્ય માર્ગદર્શન આપી શકે છે. અને શ્રોતાઓ પણ પોતાના મનમાં ગૂંચવતી મૂંજવણોનું મુશ્કેલીભર્યું સમાધાન વક્તાને પ્રશ્નો પૂછીને સંતોષકારક રીતે કરી શકે છે. અને આ દરમિયાન વક્તા તથા શ્રોતા વચ્ચે આત્મીયતાનો સંબંધ બંધાય છે. અને આવો **પ્રશ્નોત્તરાત્મક વાર્તાલાપ** કંટાળાજનક ન બનતા રસદાયક અને **આનંદદાયક** બને છે. તેથી જ હિન્દુ શાસ્ત્રપરંપરાના ઉપનિષદો, પુરાણો, મહાભારત આદિ પ્રાચીન ધાર્મિક ગ્રંથોમાં પણ પ્રાયઃ આ શૈલીનો ઉપયોગ થયેલો જણાય છે.

આ દૃષ્ટિએ જોતાં **વચનામૃત ગ્રંથ પ્રશ્નોત્તર શૈલીના ગ્રંથોમાં વિશિષ્ટ અને અદ્વિતીય સ્થાન ધરાવે છે.** અહિં વક્તા શ્રીજીમહારાજને સર્વે શ્રોતાઓના આત્યંતિક કલ્યાણ કરવાની **શુભ ભાવના** છે, તો શ્રોતાગણ સંતો-ભક્તોને આત્મા-પરમાત્માના શાશ્વત સુખના ભોક્તા બનવાની **તત્પરતા** અને **ઝંખના** છે. અહીં વક્તા શ્રીજીમહારાજ અને શ્રોતાગણ સંતો-ભક્તો વચ્ચે ઉપાસક અને ઉપાસ્ય, બ્રહ્મ અને પરબ્રહ્મ, સ્વામી અને સેવકનો આત્મીયતાસભર દિવ્ય સંબંધ છે. અહીં સંતો-ભક્તોએ કેવળ પ્રશ્નો પૂછવા ખાતર જ નથી પૂછ્યાં, પરંતુ પોતાના તથા અનંત પતિત જીવાત્માઓના એક શુભ લક્ષ્ય, શુભ ધ્યેય, મુક્તિને નજર સમક્ષ રાખીને પૂછ્યાં છે.

અહીં કેવળ શ્રીજીમહારાજ અને સંતો-ભક્તો વચ્ચે જ **પ્રશ્નોત્તરાત્મક સંવાદ** નથી, પરંતુ ક્યારેક તો ભગવાન

શ્રીહરિ સ્વયં સંતો સંતો વચ્ચે અથવા સંતો-ભક્તો વચ્ચે પ્રશ્નોત્તર કરાવતા. તેનો ઉલ્લેખ સંપાદક સદ્‌ગુરુ સંતોએ ગઢડા પ્રથમ પ્રકરણના ૪૯માં વચનામૃતમાં કર્યો છે :

"પછી વળી શ્રીજીમહારાજ પરમહંસો પ્રત્યે બોલ્યા જે, 'હવે તો બે બે જણા થઈને સામસામા પ્રશ્ન ઉત્તર કરો." એ જ રીતે ગઢડા પ્રથમ પ્રકરણના ૬૫માં વચનામૃતની શરૂઆતમાં શ્રીજીમહારાજ કહે છે કે, 'હવે જેટલા મોટા સાધુ છો તે પરસ્પર પ્રશ્ન ઉત્તર કરો, કેમ જે પ્રશ્ન ઉત્તર કરો ત્યારે જેને જેવી બુદ્ધિ હોય તે જાણ્યામાં આવે.' આ ઉપરાંત ગઢડા પ્રથમ પ્રકરણના ૭૦માં વચનામૃતમાં હરિભક્તો અને પરમહંસો વચ્ચે પણ ભગવાન શ્રીહરિ પ્રશ્નોત્તરી કરાવે છે. વડતાલના ૭મા વચનામૃતમાં હરિભક્તો પરસ્પર ચર્ચા કરતા હતા તેવો ઉલ્લેખ છે. ગઢડા પ્રથમ પ્રકરણના ૭૮માં વચનામૃતમાં અને ગઢડા મધ્ય પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં નાના સંતો સાથે પોતે પ્રશ્નોત્તરી કરે છે, તો ગઢડા મધ્ય પ્રકરણના ૬૬માં વચનામૃતમાં અને ગઢડા પ્રથમ પ્રકરણના ૩૨માં વચનામૃતમાં મોટા સંતોને પોતે જ પ્રશ્નો પૂછે છે. લોયાના ૮મા વચનામૃતમાં પોતે જ નાના નાના નવા સંતોને પ્રશ્નો પૂછતાં પણ શીખવે છે. વડતાલના ૩જા વચનામૃતમાં, ગઢડા મધ્ય પ્રકરણના ૩૪માં વચનામૃતમાં, કારિયાણીના ૫માં વચનામૃતમાં, ગઢડા પ્રથમ પ્રકરણના ૬૯માં વચનામૃતમાં પોતે જ પરમહંસોના ઉત્તરમાં આશંકા કરીને તેઓની બુદ્ધિને કસે છે.

ગ.પ્ર.પ્ર. - ૧, ૭૦, ૭૫માં તથા કા.પ્ર. - ૭માં, વર.પ્ર. - ૨જામાં તથા ૭માં વગેરે વચનામૃતોમાં તો **હરિભક્તો** પણ પ્રશ્નો પૂછે છે. ગઢડા અંત્ય પ્રકરણના ૨૫માં **સ્ત્રીભક્ત રાજબાઈ** પણ પ્રશ્ન પૂછાવે છે, તો વડતાલ પ્રકરણના ૧૦માં વચનામૃતમાં આશરે ૧૦ વર્ષની ઉંમરના **ભગુભાઈ** પણ પ્રશ્ન પૂછે છે.

વચનામૃત ગ્રંથમાં કુલ ૨૬૨ વચનામૃતમાંના કુલ ૪૫૬ પ્રશ્નોમાંથી **૧૩૮ પ્રશ્નો** શ્રીજીમહારાજે સંતો-ભક્તોને પૂછ્યા છે. જ્યારે ૩૧૮ પ્રશ્નો સંતો-ભક્તોએ શ્રીજીમહારાજને અથવા તેઓશ્રીની આજ્ઞાથી અંદરોઅંદર એકબીજાને પૂછ્યા છે.

આ વચનામૃત ગ્રંથમાં પ્રશ્ન પૂછનાર કોઈપણ હોય ચાહે સંતો હોય કે હરિભક્તો હોય, સૌએ કેવળ પોતાના સાધનામાર્ગમાં જ્યાં, જ્યારે, જેને જે વિઘ્નરૂપ લાગ્યું તે દૂર કરવા તથા પોતાની સાધનાને નિર્વિઘ્ન બનાવી વેગ આપવા માટે જ ભગવાન શ્રીહરિને પ્રશ્ન પૂછ્યા છે. પ્રશ્નો પૂછીને પોતાની બુદ્ધિનું ડહાપણ કે વિદ્વત્તા દર્શાવવા માટે નથી પૂછ્યા. આધ્યાત્મિક તત્ત્વોને જાણીને તેના પારને પામવાની ઊંડી જિજ્ઞાસા તેઓએ પૂછેલા પ્રશ્નોમાં તરી આવે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યારે જ્યારે પરમહંસો કે ભક્તોને પ્રશ્નો પૂછ્યા છે તે ન કે તેમને ભરી સભામાં ઉતારી પાડવા કે તેમની બુદ્ધિનું તળ તપાસવા માટે પૂછ્યા છે. પ્રશ્નો પૂછવા પાછળ ફક્ત તેમની સાધનામાં રૂકાવટ કરનારા આંતરિક દોષોને દૂર કરવાનો માર્ગ ચીંધવા માટે સીધો જ ઉપદેશ ન આપતા **પ્રશ્નોત્તરાત્મક રીતે** તે તે દોષો તરફ મુમુક્ષુઓનું ધ્યાન દોર્યું છે. અને સંતો-ભક્તોની મુમુક્ષુતા , શ્રદ્ધા, સમજણ અને સ્થિતિની ચકાસણી કરીને તેમાં કોઈ પ્રકારની ક્ષતિ રહી જવા પામી હોય તો તે દૂર કરવા **યોગ્ય માર્ગદર્શન** આપવા માટે પ્રશ્નો પૂછ્યા છે. **સાધનાલક્ષી પ્રશ્નો** ઉપરાંત જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ જેવા **આધ્યાત્મિક તત્ત્વો**ને લગતા **પ્રશ્નો** પણ ખૂબજ ઊંડાણપૂર્વક પૂછેલા છે. આધ્યાત્મિક સાધના કરનાર વિશ્વભરના કોઈપણ સાધકને આવશ્યક એવા બધા જ પ્રશ્નો અને તેમના મુદ્દાસર છતાં **સચોટ** અને **સરળ ઉત્તરો** આ વચનામૃતમાં છે.

કેટલીકવાર શ્રીજીમહારાજે કોઈપણ પ્રકારના પ્રશ્નો વિના પણ સ્વેચ્છાથી જ અમુક વાતો કરી છે જે, **'મહારાજના કૃપાવાક્યો'** તરીકે પ્રસિદ્ધ છે. આખા વચનામૃતમાં ભગવાન શ્રીહરિના કૃપાવાક્યોની સંખ્યા ૧૫૪ છે. તેમાં સૌથી વધારે કૃપાવાક્યો ગઢડા મધ્ય પ્રકરણના વચનામૃતોમાં કહેલ છે. આખા વચનામૃતમાં શ્રીજીમહારાજે કુલ ૧૩૮ પ્રશ્નો સંતો-ભક્તોને પૂછ્યા છે. તે પૈકી સૌથી વધારે પ્રશ્નો લોયા પ્રકરણના વચનામૃતોમાં પૂછેલા છે. આ લોયા પ્રકરણના છઠ્ઠા વચનામૃતની એક વિશિષ્ટતા છે કે શ્રીજીમહારાજે આ વચનામૃતમાં કુલ ૧૯ પ્રશ્નો પૂછ્યા છે અને તમામ પ્રશ્નોના ઉત્તર પણ પોતે જ આપ્યા છે.

આમ, વચનામૃત ગ્રંથમાં ક્યારેક કૃપાવાક્ય, ક્યારેક પ્રશ્નોત્તરી તો ક્યારેક બંને રીતે ઉપદેશ અપાયો છે. તેથી વચનામૃત ગ્રંથ આપણને સૌને ખૂબજ હળવાશથી અધ્યાત્મના ગહન સત્યોની પાર પહોંચાડવા સક્ષમ બન્યું છે.





# વચનામૃતમાં ઉપમાઓ તથા દૃષ્ટાંતસભર હળવી અને સચોટ શૈલી

તત્ત્વજ્ઞાન જેવા સૂક્ષ્મ અને ગૂઢ વિષયને **સરળ તથા સર્વગ્રાહ્ય** બનાવવા માટે **દૃષ્ટાંતો** તથા **ઉપમાઓ**નો ઉપયોગ વૈદિકકાળથી પ્રચલિત છે. જ્ઞાન આપવા માટે સાદૃશ્યનો ઉપયોગ કરવામાં આવે છે. કોઈએ મોટર જોઈ જ ન હોય તો તેને મોટરનો ખ્યાલ આપવા ઝડપથી ચાલતા રથનો ખ્યાલ આપવો પડે. આ જ રીતે દૃષ્ટાંત કથા ઉપરથી ધર્મ, અધ્યાત્મ અને તત્ત્વોના ગૂઢ વિષયો સરળતાથી સમજાવી શકાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ પોતાની જ્ઞાનસભાઓ દરમિયાન પોતાના ઉપદેશોમાં અત્યંત અસરકારક એવા **દૃષ્ટાંતો તથા ઉપમાઓ**નો ઉપયોગ કરેલો છે. આ દૃષ્ટાંતોમાં કેટલાક ઉપનિષદોમાંથી કેટલાંકના જીવનમાં જોયેલા, સાંભળેલા પ્રસંગોમાંથી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત સામાન્યમાં સામાન્ય માનવી સમજી શકે તેવા દૃષ્ટાંતો ગ્રામ્યજીવનમાંથી પણ લીધા છે. એ હકીકત સત્ય છે કે શ્રીજીમહારાજની સમક્ષ બેઠેલા શ્રોતાઓમાં **બ્રહ્મસૂત્રભાષ્યરત્નના રચયિતા** મુક્તાનંદ સ્વામી, **સૂર્યચંદ્રની ગતિઓને બદલી નાંખનાર** ગોપાળાનંદ સ્વામી, **શતાવધાની** વિદ્યાવારિધી બ્રહ્માનંદ સ્વામી, **બૃહસ્પતિસમાન** વિદ્વત્તાના બેતાજ બાદશાહ નિત્યાનંદ સ્વામી, પ્રખર વેદાંતિ મુનિબાવા, શ્રીમદ્ ભાગવતના **૧૮૦૦૦ શ્લોકોને કંઠસ્થ** કરનાર દીનાનાથ ભટ્ટ જેવા મહાસમર્થ વિભૂતિ પુરુષો હતાં. પરંતુ સાથે સાથે ગામઠી ગુજરાતી સમજી શકે એવા **અશિક્ષિત કે અલ્પશિક્ષિત** ગામડાના લોકો પણ હતાં. આવા બંને પ્રકારના શ્રોતાઓની સમક્ષ શ્રીજીમહારાજે ગહન તત્ત્વચર્ચા અને આધ્યાત્મિક વાતોને **વિદ્વદ્ભોગ્ય** અને **લોકભોગ્ય** શૈલીની **સમતુલા** જાળવીને સમજાવી છે.

ઉપમાઓ અને દૃષ્ટાંતોનો ઉપયોગ કરવાની ભગવાન શ્રીહરિની ફાવટ ગજબની છે. તેઓશ્રીએ જ્યારે, જ્યાં અને જેને જે સમજાવ્યું છે - ત્યારે, ત્યાં અને તેને અનુરૂપ જ દૃષ્ટાંત, પ્રસંગ, ઉપમા, રૂપક, રૂઢિપ્રયોગોનો ઉપયોગ ખૂબજ ટૂંકમાં તો ક્યારેક વિસ્તાર કરીને રજૂઆત કરીને કર્યો છે.

હવે ભગવાન શ્રી સ્વામિનારાયણે ૨૬૨ વચનામૃતમાં જ્યાં જ્યાં **ઉપમાઓ, રૂઢિપ્રયોગો કે દૃષ્ટાંતો, કહેવતો**નો ઉપયોગ કર્યો છે તેની માહિતી અહીં દર્શાવવામાં આવે તો વિસ્તાર ઘણો થઈ જાય તેમ છે. તેમ છતાંય તેની ટૂંકમાં માહિતી અત્રે આપવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવેલ છે :

જેમ કે, કોશનું દૃષ્ટાંત (પ્ર.૨૫), કૂવામાં પાણીની સેર (મ.૨), ખારભૂમિ (સા.૧૮), ફાળકો (મ.૧), મરચાં, લીમડા, શિંગડિયો વછનાગ (અં.૧૪), કૂવાના કાંઠા પરનો પથ્થર (મ.૧, ૩૩), બરછીની અણી (કા.૧), યુદ્ધ અને શત્રુઓ (પ્ર.૭૦, મ.૨૨), સોનાનો દોરો (અં.૨૧), સોનીની પેઢી (મ.૫૫), નામું (પ્ર.૩૮, ૬૦, સા. ૧૮), રાજનીતિ (મ.૧૨) અગ્નિથી લાલચોળ લોંખડનો ગોળો

(મ.૬૬, પં.૭, અં.૨૦) દારુ અથવા અફિણની અસર (અં.૩૩), ક્ષયરોગ (સા.૫, લો.૧, મ.૪૭) કીડિયારાનો રોગ (પ્ર.૧૮), રોગ માટે ઔષધ (મ.૨, મ.૧૬) વગેરે...

ક્યારેક તો સૌને પ્રત્યક્ષ જડપદાર્થો, વસ્તુઓ, નદી, પર્વત, સમુદ્ર આદિકનો પણ કોઈક વિષયને સરળતાથી સમજાવવા માટે શ્રીજીમહારાજે ઉપયોગ કર્યો છે :

જેમ કે, લોઢું (પં.૭, મ.૬૬), સોનું અને અન્ય ધાતુ (મ.૪), કોડી, સોનામહોર (પં.૧), ત્રાંબાનો પૈસો, સોનામહોર (મ.૧૦), બદામ, રૂપિયો, સોનામહોર (અં.૨૭), લાકડાં, છાણાં, પથરા, કચરો (મ.૧), કચરો, કંચન (પ્ર.૩૬), ચમકપાણ (વર. ૧૩), સોળવલું સોનું (પ્ર.૫૬, મ.૫૫), હીરો (પ્ર.૫૧), દર્પણ (પ્ર.૪૭, મ.૬), દીવો, મશાલ, વીજળી, વડવાનળ અગ્નિ (વર. ૩), બીજ - ફોતરું (વર.૬), વાટ-દીવો, કોડિયું (અં.૩, ૪), આંબલીનું બીજ (કા.૧૨), લીંબું કે કેરીની ખટાશ (પ્ર.૨૪, ૭૩, કા.૧૨, મ.૧૩), ડાંગર (અં. ૧૮), લવણ-મીઠું (મ. ૬૫), દૂધ, ઝેર (પ્ર.૩૫, સા.૪, લો.૧૦, અં.૧૨, ૧૯), સાબરમતી, મહી નદી (અમ.૩), સમુદ્ર (અં.૧૪, ૩૯), સમુદ્ર - વહાણ (પ્ર.૩૭, ૪૨, ૬૧, કા.૧, મ.૩૫), મધ (અં.૩), પથરો (મ.૧૩), તુંબડી (પ્ર.૨૭) પર્વત (વર.૪), પતંગ (વર.૪), કાંટો (પ્ર.૭૦), ત્રખલું (કા.૬) કોઠી-થાંભલા (લો.૭), ગાડું (મ.૩૩), કાચનું મંદિર (મ.૨૧), સોયદોરો (લો.૧૪), તલવાર (કા.૧), તીર (સા.૭), ડગલો (પ્ર.૪૪), દીપક (મ.૬૨), ફુવારો (વર.૪), તીરકમાન (અં.૧૮), મીણ પાયેલ દોરો (અં.૨૧), કાખનો મુવાળો (મ.૫૫), ભાંગ્ય, અફીણ, દારુ, ગાંજો (લો.૮), ખીર (અં.૩૯), નરમ દોરડી (મ.૧, ૩૩), મશાલ (પં.૧) ઘડો (પ્ર.૨૩) અર્ધબળેલું કાષ્ઠ (પ્ર.૨૮), માળો અને ખીલો (પ્ર.૩૨), ધૂળ (પ્ર.૪૪), કાંટો (પ્ર.૬૬, ૭૦), શૂળી (પ્ર.૭૦, અં.૨૮), ચંદ્ર (સા.૧૭, વર.૧૨), સૂર્ય (લો.૧૫), તારા (લો.૧૩) વગેરે...

તેમજ પશુઓ, પક્ષીઓ, પ્રાણીઓ અને જીવજંતુઓની **સહજ સ્વાભાવિક પ્રકૃતિ** અને **પ્રવૃત્તિને** પણ ભગવાન શ્રીહરિએ વચનામૃતોમાં સંભારી છે :

જેમ કે, સિંહ, બકરું (પ્ર.૧૮), વાંદરુ (પ્ર.૩૨), કૂતરો (પ્ર.૨૬, મ.૪૧), હડકાયું કૂતરું (લો.૧, અં.૧૨), ગલૂડિયું (સાં.૧), ગધેડું (મ.૬), ઘોડું (પ્ર.૨૭), ધણિયાતું અને હરાયું ઢોર (પ્ર.૩૨), કાચબો (પ્ર.૪૬, મ.૩૯), હાથી (પ્ર.૬૩), ભમરી-ઈયળ (કા.૧) બિલાડી (કા.૩), પાડો (કા.૯, અં.૧૪), વાઘ-દીપડો-કાળો સર્પ (લો.૧), માછલું (લો.૧), કરોળિયો (લો.૧૦, વર.૮), ગાય (લો.૫), પૂંછલેલ ઢોર (મ.૧૩), પતંગિયું (મ.૫૦), ગરોળી (મ.૫૭), વનનું મૃગલું (વર.૧૭), શ્વાન (અં.૩૯), ખિલખોડી (સા.૨), કીડી-મકોડો-માખી (મ.૬), મચ્છર (સા.૧૭) વગેરે...

એવી જ રીતે જુદાં જુદાં વૃક્ષો જેવા કે, વડ-પીપળો (સા.૧૮), તુલસી (મ.૬), લીમડો (મ.૧૪), આંબો (વર.૧), થોર-વડ-પીપર (મ.૩૨), શિંગડિયો વછનાગ (પ્ર.૬૨, અં.૧૪) વગેરેનો પણ ઘણીવાર ઉપયોગ કર્યો છે.

આ ઉપરાંત જનસમાજમાં અતિપ્રસિદ્ધ એવા **પૌરાણિક આખ્યાનો પ્રસંગો**નો અને પાત્રોનો ઉપયોગ પણ વચનામૃતમાં વારંવાર થયેલો જોવા મળે છે. જેમ કે, કૃષ્ણ-ગોપીઓ (પ્ર.૪૨, ૫૬, કા.૧૧), ગોપીઓ-ઉદ્ધવજી (સા.૧૫, કા.૯, લો.૧૬, ૧૭, મ.૧૭, અં.૨૮), કૃષ્ણ-શ્રીદામા-રાધિકા (સા.૧૪, મ.૨૬), સનકાદિક-જયવિજય (પ્ર.૩૫, સા.૧૪, મ.૨૭, વર.૧૫, અં.૨૨), પરીક્ષિત-શુકદેવજી (પ્ર. ૨૩, ૭૨, લો.૧૨, મ.૧૭), ભરતજી-મૃગલું (પ્ર.૩૮, ૪૨, અં.૩, ૧૭, ૧૯), મત્સ્ય - કચ્છ - વરાહ - વામન - દત્તાત્રેય - વ્યાસ - કપિલ - ઋષભદેવ - પરશુરામ - રામ અને કૃષ્ણાદિક અવતારો, બ્રહ્મા-વિષ્ણુ-શિવ આદિક ઈશ્વરો, ઈન્દ્ર - ચંદ્ર - સૂર્ય - અગ્નિ - વરુણ -પ્રજાપતિ વગેરે દેવો, નારદ - એકલશૃંગી - સૌભરી - વિશ્વામિત્ર - વશિષ્ઠ - પરાશર - વાલ્મીકિ - સૂતપુરાણી - શૌનક અને સનકાદિક ઋષિઓ, જનક - શુકદેવ - સીતા - દ્રોપદી - રુક્મિણી - લક્ષ્મીજી - રાધિકા - ધ્રુવ - પ્રહ્લાદ - અર્જુન - યુધિષ્ઠિર - હનુમાન વગેરે ભક્તો, શંકરાચાર્ય - રામાનુજાચાર્ય - મધ્વાચાર્ય - નિંબાર્કાચાર્ય - વલ્લભાચાર્ય વગેરે આચાર્યો તથા દંતવક્ર - શિશુપાલ - કંસ - પૂતના - હિરણ્યકશિપુ - કાળનેમી - રાવણ - રાહુ જેવા અસુરોના પાત્રો તથા દૃષ્ટાંતોને અનેક વચનામૃતોમાં અવારનવાર ઉલ્લેખ કરીને શ્રીજીમહારાજે જે તે પ્રસંગને સૌ શ્રોતાના માનસપટમાં આબેહૂબ ખડો કરીને જે તે વિષયને રસપ્રદ રીતે સમજાવ્યો છે.

વળી, અનેક **કહેવતો તથા રૂઢિપ્રયોગો**નો પણ ઉપયોગ ખૂબજ સારી રીતે કર્યો છે : જેમ કે, 'જેમ કૂતરાનું મુખ કૂતરો ચાટે.', 'સર્પને ઘેર પરોણો સાપ, મુખ ચાટીને વળિયો આપ.', 'રાંડીને પાસે સુવાસિની સ્ત્રી જાય ત્યારે તે કહે જે, આવ બાઈ હું જેવી તું પણ થા.' (પ્ર.૩૮), 'શૂળીનું દુઃખ કાંટે મટાડે.' (પ્ર.૭૦) 'ધોબીનો કૂતરો વાટનો નહિ ને ઘાટનો નહિ.' (કા.૭) 'ઢોરલાંઘણ.' (મ.૮) 'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા.' (મ.૩૫) વગેરે...

તથા વિધવિધ પ્રકારનાં **રૂપકો**નો તો વારંવાર પ્રયોગ કર્યો છે : જેમ કે, નપુંસક જેવા (પ્ર.૩૭, વર.૧૨), લીલાગર ભાંગ્ય જેવા (પ્ર.૧૮), ગબરગંડ ( પ્ર.૧૮), પશુ જેવા

(પ્ર.૧૮, ૨૧, અં.૩૭), મનરૂપી દાઢ્ય (પ્ર.૨૪), મનોમય ચક્ર (સા.૭), કંગાલ જેવો (પ્ર.૩૬), દર્પણતુલ્ય (પ્ર.૪૭), મનરૂપી દોરી (પ્ર.૬૧), નરકતુલ્ય (સા.૧), મચ્છર જેવા - ચરકલા જેવા - સીંચાણા જેવા - અનળપક્ષી જેવા - ગરુડ જેવા (સા.૧૭), કસાઈ - આરબ - વાઘ - ભાવર - દીપડા - કાળા સર્પ જેવો ક્રોધ (લો.૧), અમૃતની જેમ (લો.૬), અગ્નિ જેવા (લો.૧૨), સડતાળાના રાંક જેવા (પં.૧), ભૂત જેવું (પ્ર.૩૮, મ.૩૩), મિનડિયો ભક્ત (મ.૫૭), બિલાડીની પેઠે (કા.૩), કાકવિષ્ઠા જેવું (વર.૧૯), જાણપણારૂપ દરવાજો (અં.૯), હડકાયાં શ્વાન જેવો (અં.૧૨), સડેલ કૂતરા જેવું - ઊલટી થયેલ અન્ન જેવું, બળબળતા અગ્નિ જેવું (પ્ર.૨૬) રાજાના કામદાર જેવી (અં.૩૪), દેહરૂપી ડગલો (પ્ર.૪૪) વગેરે જેવી અનેક ઉપમાઓ તથા રૂપકો વચનામૃતમાં ઠેર-ઠેર જોવા મળે છે.

આવા અનેક દૃષ્ટાંતો, રૂપકો, પ્રસંગો, ઉપમાઓ, કહેવતો, રૂઢિપ્રયોગોને વાપરવાની **કળા** શ્રીજીમહારાજે ખૂબજ સફળતાપૂર્વક **હસ્તગત** કરી છે. ટૂંકમાં સમગ્ર વચનામૃતનો અભ્યાસ કરવાથી આપણને સ્પષ્ટપણે સમજાય છે કે, ભગવાન શ્રીહરિએ અધ્યાત્મના ગહન સત્યોને ખૂબજ સરળ, રસાળ અને હળવી શૈલીમાં સમજાવીને સામાન્ય લોકોના જીવનમાં પણ સિદ્ધ કરાવ્યાં છે.



# વચનામૃતના શ્રોતાગણની આધ્યાત્મિક શ્રેષ્ઠકક્ષા

વચનામૃતમાં અપાયેલ ઉપદેશો **અધ્યાત્મના કઠિન માર્ગે ચાલનારા શુદ્ધ મુમુક્ષુઓને અપાયેલ ઉપદેશો** છે. પરમાત્માનો સાક્ષાત્કાર કરી તેમનું દિવ્ય સુખ પ્રાપ્ત કરવા આ લોકની સત્તા-સંપત્તિ-સુંદરી કે કનક-કામિની કીર્તિનો ત્યાગ કરીને સગા-સંબંધીઓની મમતાના પાશને ત્યાગ-વૈરાગ્યની તલવારથી કાપીને નીકળેલા એ અધ્યાત્મપથના વીરો અને પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ વચ્ચેનો બ્રહ્મસંવાદ છે. વચનામૃતોમાં શ્રીજીમહારાજે જેમની સામે બેસીને જ્ઞાનોપદેશો આપેલા છે તેઓ કોઈ સામાન્ય મનુષ્યો ન હતા. તેમાંના કેટલાક તો ભગવાન શ્રીહરિને મળ્યા પહેલા પણ વર્ષોથી સાધનાના માર્ગે ચાલતા હતાં અને ચાલવા માટે સક્ષમ પણ હતાં. મુક્તાનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી, ભાઈ રામદાસ સ્વામી, સુખાનંદ સ્વામી વગેરે ૫૦ સંતો તો રામાનંદ સ્વામીના શિષ્યો હતા જ તે ઉપરાંત શ્રીજીમહારાજનાં વડીલ ગુરુજનો પણ હતાં. કેટલાક તો ઉત્તરભારત કે બંગાળમાંથી અને દેશભરમાંથી ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ સાંભળીને ગાદી, મહંતાઈ, શિષ્ય સમુદાય અને વિષયોનો મોહ છોડી શ્રીજીમહારાજને ચરણે સમર્પિત થયા હતાં. શ્રીજીપ્રભુની એકજ હાકલથી પોતાની વર્ણાશ્રમની જૂની માન્યતાનો ત્યાગ કરી વૈષ્ણવી દીક્ષાને તિલાંજલી આપી, સંન્યાસીની દીક્ષા ગ્રહણ કરી એકજ રાતમાં **૫૦૦ પરમહંસો** થયા હતા. એટલું જ નહીં, પરંતુ

શ્રીજીમહારાજે પ્રવર્તાવેલ ૧૦૮ કડક પ્રકરણોમાંથી હોંશભેર પ્રસન્નચિત્તે તેઓ સોંસરવા નીકળ્યા હતા.

તેઓ ગરીબ, રાંક, બેકાર, બેઘર, અજ્ઞાની, ભોળા કે અસમર્થ ન હતા કે જે શ્રીજીમહારાજની પગની એડી નીચે દબાઈને ગુલામ તરીકે જીવન પૂર્ણ કરે. પરંતુ તેઓ ફક્ત લૌકિક રીતે જ સમૃદ્ધ, સબળ ન હતા, પણ આધ્યાત્મિક ક્ષેત્રે તેઓ અનેકગણા સમૃદ્ધ, સબળ અને સમર્થ અને બાહોશ હતા. તેઓમાં મુમુક્ષુતા, સાધુતા, વિદ્વતા, બુદ્ધિમત્તા તેમજ અનેક વિવિધ પ્રકારની કળાઓનો સુભગ સમન્વય હતો.

**શ્રીજીમહારાજના જ્ઞાનોપદેશની સભાઓમાં સામે બેઠા હતા :**

- બાળઅવસ્થાથી જ અદ્વિતીય ચમત્કારો દેખાડનાર, જેમની સાથે શામળાજીની મૂર્તિ ટોડલા ગામે રમવા આવતી, બાળઅવસ્થામાં જ સંકલ્પમાત્રથી રાજાના કુટુંબના ઝાડા-પેશાબ બંધ કરાવીને બ્રાહ્મણો પર મૂકવામાં આવેલો કરવેરો માફ કરાવનાર, ચંદ્રગ્રહણની ગતિને ફેરવનાર અષ્ટાંગયોગ સિદ્ધ મહાસમર્થ પુરુષ **સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી,**

- તમામ શાસ્ત્રોને ઘોળીને પી જનાર, અનેક મૂર્ધન્ય વિદ્વાનનોને શાસ્ત્રાર્થ કરીને પરાજિત કરનાર, અરે ! જેનું નામ સાંભળીને વિદ્વાનો શાસ્ત્રાર્થ કરવાનું ટાળતાં એવા બૃહસ્પતિસમાન બુદ્ધિના બેતાજ બાદશાહ **સ. ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી,**

- મોટા મોટા આચાર્યોએ જેના પર ભાષ્યો રચ્યા છે, એવા બ્રહ્મસૂત્ર પર ભાષ્યરત્ન લખનાર, ૧૪-૧૪ વર્ષ સુધી બ્રહ્મચર્ય પળાવે તેવા સાચા ગુરુની શોધમાં ભટકનાર, સાધુતાની મૂર્તિસમા **સ. ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી,**

- તીવ્ર યાદશક્તિ, કાવ્યશક્તિ, તર્કશક્તિ અને શીઘ્રકવિત્વશક્તિ જન્મજાત જ વરેલી હતી, જેઓ દશ વર્ષ સુધી રહીને રાજકવિ શ્રી અભયદાનજી થકી ચારણી સાહિત્યમાં યોગશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, શુકનશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર, કામશાસ્ત્ર, માનસશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, શાલિહોત્ર (અશ્વશાસ્ત્ર), ભૂસ્તરશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, સ્થાપત્યશાસ્ત્ર અને આરોગ્યશાસ્ત્રમાં પારંગત થયા હતા, ભૂજમાં રહી પિંગળાચાર્ય, રાજકવિરત્ન, મહાશીઘ્રકવીશ્વર, મહામહોપાધ્યાય અને સહસ્રાવધાનાચાર્ય જેવી અણમોલ ઉપાધિ સહ અનેક સુવર્ણચંદ્રકો, ખિતાબો અને કચ્છ રાજ્યના તાજબી સરદારની ગૌરવયુક્ત પદવી પ્રાપ્ત કરનાર, તથા ૬૪ કળાઓમાં ઉપયોગી થાય તેવી ૨૪ કળાઓ જેમણે સિદ્ધ કરી હતી, અનેકવિધ કળા અને વિદ્યામાં સર્વોત્તમ અને અજોડ સિદ્ધિ હાંસલ કરી ભૂજ, ધ્રાંગધ્રા, જામનગર, જૂનાગઢ, ભાવનગર રાજ્ય તરફથી અતિશય ભવ્યાતિભવ્ય સ્વાગત-સન્માન સાથે કીંમતી ભેટ-સોગાદો અને શિરપાવ પ્રાપ્ત કરનાર, (લગભગ ૧૯૦ વર્ષ પહેલાનાં (સં.૧૮૬૧) એ જમાનામાં ૧૧,૦૦૦ રૂપિયા નગદ રોકડા, ૨૨,૦૦૦ રૂપિયાની જામશાહી તથા દીવાનશાહી કોરીઓ, ૯૦,૦૦૦ રોકડી સોનામહોર, ૧૦૧ જામશાહી સોનાની મહોર, સોનાનાં જડાવ દાગીના, હીરા, મોતી, માણેક વગેરેના ટૂપિયાઓ, હાર, સોનાનાં તોડા, બેડીઓ, કડાં, વેઢ, વીંટીઓ, શિરપેચો, હમેલ, આશાલાકડી વગેરે ઘરેણાઓ, આભૂષણો તેમજ ઘોડા, ઊંટના સોના-રૂપાના દાગીનાઓ, પોશાક, પહેરામણીનાં કીંમતી સોનેરી વસ્ત્રો-પાઘ, શાલ, દુશાલાઓ,

“

વચનામૃતમાં અપાયેલ ઉપદેશો **અધ્યાત્મના કઠિન માર્ગે ચાલનારા શુદ્ધ મુમુક્ષુઓને અપાયેલ ઉપદેશો** છે. પરમાત્માનો સાક્ષાત્કાર કરી તેમનું દિવ્ય સુખ પ્રાપ્ત કરવા આ લોકની સત્તા-સંપત્તિ-સુંદરી કે કનક-કામિની કીર્તિનો ત્યાગ કરીને સગા-સંબંધીઓની મમતાના પાશને ત્યાગ-વૈરાગ્યની તલવારથી કાપીને નીકળેલા એ અધ્યાત્મપથના વીરો અને પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ વચ્ચેનો બ્રહ્મસંવાદ છે.

”



વાહનોમાં ૧૬ ઘોડા, ૭ ઊંટ, ૪ બળદ, ૧ સિગરામ ગાડી, ૧ બેલગાડી, ૫૦ સેવકો, ૨૫ શિરબંધી અંગરક્ષકો, ૨૫ વાહનવાળા - આટલી બધી ધનસંપત્તિ, આટલું બહુમાન-સન્માન છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શનથી ત્યાગી થઈને દીક્ષા લઈને સાધુ થઈ ગયા.) તથા ગાયકવાડ સરકારના અનેકવિધ લોભામણા પ્રલોભનોને ઠોકરે મારીને શ્રીજીમહારાજના કડક અનુશાસનમાં ગોળા ખાઈને કે ટાટ પહેરીને જીવનભર સમર્પિત થઈને અનેકવિધ કસોટીમાંથી પસાર થનાર **સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી,**

- છતે દેહે બદ્રિકાશ્રમમાં જનારા, નિરાવરણ સ્થિતિવાળા, સ્વતઃસિદ્ધ સમાધિનિષ્ઠ સંતદાસજી ઉર્ફે **સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી,**

- મરેલી ઘોડીમાં મચ્છરનો જીવ મેલીને તેને બેઠી કરનાર, મરેલા બાળકને જીવતો કરનાર **સ.ગુ. શ્રી વ્યાપકાનંદ સ્વામી,**

- શ્રીજીમહારાજના દર્શન વિના રુંવાડે રુંવાડે લોહીના ટચિયા ફૂટે, ભગવાન શ્રીહરિનો વિરહ સહન ન કરવો પડે તે માટે ભગવાન શ્રીહરિની પહેલા પોતાની યોગશક્તિથી પંચભૌતિક દેહની નાડીઓ તોડીને અક્ષરધામમાં જનારા પ્રેમની પરાકાષ્ઠા મૂર્તિ સમા, પ્રેમનું સાક્ષાત્ સ્વરૂપ **સ.ગુ. શ્રી સચ્ચિદાનંદ સ્વામી,**

- શારદાદેવીને સાક્ષાત્ પ્રસન્ન કરીને મેલી વિદ્યામાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર દેવીવાળા મગ્નીરામ - **શ્રી અદ્વૈતાનંદ સ્વામી,**

- અયોધ્યા અખાડા મંદિરના મહંત, સોના-ચાંદીના ઢોલિયામાં શયન કરનાર, હાથીની સવારી કરનાર, અનેક શિષ્યોના ગુરુ રામગલોલા - **સ.ગુ. શ્રી આનંદાનંદ સ્વામી,**

વળી, નિષ્કુળાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, આધારાનંદ સ્વામી જેવા સમર્થ પ્રૌઢ કવિઓ પણ હતા.

આમ, અનેક ક્ષેત્રોમાં પારંગત સિદ્ધ પુરુષોની સામે બેસીને શ્રીજીમહારાજે **અધ્યાત્મની ચર્ચાઓ** કરી છે. જરાપણ ખોટી વાત સ્વીકારે એવા ન હતા. ભગવાન શ્રીહરિએ આપેલ કોઈ પ્રશ્નના ઉત્તરમાં અથવા તો તેમણે કરેલ કોઈ વાતમાં જેને, જ્યારે, જ્યાં અને જે શંકા થઈ કે તુરંત જ તે સામે પ્રશ્નો પૂછીને કે દલિલો કરીને પણ પ્રશ્નનું સમાધાન મેળવીને જ જંપ્યા છે, પરંતુ કોઈપણ વાત લોલંલોલ માની લીધી નથી. દા.ત. લોયા પ્રકરણના ૧૦મા વચનામૃતમાં આ પ્રકારની **ચર્ચાત્મક વાતો** શ્રીજીમહારાજ સાથે થયેલ છે. એ જ રીતે અનેક વચનામૃતોમાં સંતો-ભક્તોએ ચર્ચા-આશંકા કરીને પણ પોતાના પ્રશ્નનું **સંતોષકારક સમાધાન** મેળવવું છે.

કારિયાણી પ્રકરણના ૧લા વચનામૃતમાં શ્રી ભજનાનંદ સ્વામી ઉપનિષદની શ્રુતિના આધારે ભગવાન શ્રીહરિની સામે શંકા પ્રસ્તુત કરે છે, તો શાસ્ત્રોના જ્ઞાતા એવા મહાન વિદ્વાન શ્રી નિત્યાનંદ સ્વામી શ્રુતિ-સ્મૃતિને આધારે શ્રીજીમહારાજની સામે આશંકા કરે છે.

આમ, જ્યાં સુધી પોતાના મનની બધીજ શંકાઓ નિર્મૂળ ન થાય અથવા તો શાસ્ત્રોના અન્ય વચન સાથે વિરોધ આવતો હોય, અને તેનું સમાધાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી પરમહંસો આંખો મીંચીને કેવળ અંધશ્રદ્ધાથી ભગવાન શ્રી સ્વામિનારાયણની એ વાતો મૌન થકા સાંભળી રહ્યા નથી. અને એ વાતને એમણે સ્વીકારી પણ નથી.

આ સંવાદો પરથી એમ ન માનવું જોઈએ કે શ્રીજીમહારાજની સામે બેઠેલ સમુદાયને ભગવાન શ્રીહરિના વચનમાં શ્રદ્ધા ન હતી કે પોતાની વિદ્વત્તાનો અહંકાર હતો, પરંતુ **સામાન્ય મનુષ્યને પણ તત્ત્વની ગહનમાં ગહન વાત સમજાય જાય તેવું સમાધાન** તેઓ શ્રીજીમહારાજના જ સ્વમુખેથી કરાવવા માંગતા હતાં. તેથી પરમહંસો સંતો

> સંતોએ **વચનામૃતોનું સંપાદનકાર્ય** જગતમાં માન-મોટપ કે સત્તા-સંપત્તિ-કીર્તિ વધારવા માટે કર્યું ન હતું. પરંતુ કેવળ શ્રીજીમહારાજને જ પ્રસન્ન કરવા પોતાના અને અન્યના કલ્યાણાર્થે જ આ **પ્રામાણિક પુરુષાર્થ** કરેલો છે. આ સદ્‌ગુરુ સંતોએ ક્યારેય પણ ભગવાન શ્રીહરિની સાથે છળકપટ કે દગા-પ્રપંચનો ખેલ રચીને પોતાને ગમતું-ભાવતું-રુચતું કંઈ પણ કરવા સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું. એવું એમના સમગ્ર જીવન અને **વચનામૃતોમાં તેમણે પૂછેલા પ્રશ્નો**ના અભ્યાસ પરથી જણાયા વગર રહેતું નથી. છળકપટ કે દંભથી ભરપૂર, પોતાની મહત્તા દર્શાવવા મથી રહેલ વ્યક્તિ ભરસભામાં પોતાને અડચણ કરતા એવા સ્વભાવ દોષોને ટાળવાનાં પ્રશ્નો કેવી રીતે પૂછી શકે ? અને આ પરમહંસો તો સમગ્ર સંપ્રદાયના વડીલો અને સદ્‌ગુરુસ્થાને હતા, પ્રતિષ્ઠિત હતા.

શ્રીજીપ્રભુની સામે ચર્ચામાં ઉતરતા હતાં. અને જો એમ ન જ હોય તો સંતો-ભક્તોની સભામાં રૂમાલ વીંઝીને ભગવાન શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને પૂછે છે કે, "સ્વામી ! આ અમારા હાથમાં શું છે ?" ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, "મહારાજ ! રૂમાલ છે." મહારાજ કહે, "સ્વામી ! તમે ખોટા પડ્યા, અમારા હાથમાં તો તલવાર છે." "હા, મહારાજ ! તલવાર છે." આમ, અનંત શાસ્ત્રોના જાણકાર મૂર્ધન્ય વિદ્વાન, સયાજીરાવ ગાયકવાડ સરકારના દરબારમાં ૩૦૦ વિદ્વાનોને વેદોક્ત શાસ્ત્રોક્ત ચર્ચામાં પરાજિત કરનાર શ્રી મુક્તાનંદ સ્વામી નરી આંખે દેખાતા રૂમાલને શ્રીજીમહારાજના વચને તલવાર સ્વીકારવા તૈયાર હોય તો શું શાસ્ત્રોની આ આધ્યાત્મિક વાતોને એ પરમઆચાર્ય પરબ્રહ્મ ભગવાનના મુખેથી કેમ ન સ્વીકારે ?

દાદાખાચરને મહારાજ કહે, "આ માટલીમાં આ મોટું કોળું નાંખી દો." શ્રીજીમહારાજના આટલાં જ વચને સામાન્ય અલ્પબુદ્ધિવાન માણસને પણ ખબર પડે કે માટલીના નાના એવા મોઢામાં આવડું મોટું તરબુચ જેવડું કોળું ન જાય. તેમ છતાં દાદાખાચરે ભગવાન શ્રીહરિના વચનમાં શ્રદ્ધા રાખી કોળું માટલીમાં નાંખવા પ્રયાસ કર્યો છે અને કોઈકના ટોકવાથી પ્રત્યુત્તર આપ્યો છે કે, "શ્રીજીમહારાજ કહે એટલે માટલીમાં કોળું જાય જ, પણ મને નાંખતા આવડતું નથી !!"

આમ, આવા અનેક પ્રસંગોને જોતા જણાઈ આવે છે કે, વચનામૃતમાં થયેલ ચર્ચાઓમાં સંતો-ભક્તોને ભગવાન શ્રીહરિના વચનમાં અશ્રદ્ધાને કોઈ માગ જ નથી. તેઓ જાણતા હતા કે શ્રીજીમહારાજે આપેલ ઉપદેશ સંપૂર્ણ સાચો-યથાર્થ અને શાસ્ત્રીય પ્રમાણભૂત જ હોય એમાં લેશમાત્ર શંકા-સંશયને સ્થાન હોઈ શકે જ નહીં.

વચનામૃતની ચર્ચાઓ પરથી તો એ સાબિત થાય છે કે, શ્રીજીમહારાજ અને સંતો-ભક્તો વચ્ચે કેવો નિખાલસ, આત્મીય તથા વાત્સલ્યસભર સંબંધ હશે...!!!



"

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે કોઈ સ્વતંત્ર **દાર્શનિક ગ્રંથ** લખ્યો નથી, તેમજ તેમણે પ્રસ્થાનત્રયી ઉપર **ભાષ્યગ્રંથો** પણ લખ્યા નથી. આ કાર્ય તો તેમની અનન્ય નિષ્ઠા ધરાવનાર તેમના આશ્રિત સંતોએ કર્યું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે જે તત્ત્વજ્ઞાન અને મોક્ષ પ્રાપ્તિની સાધનાનો ઉપદેશ આપ્યો છે. તે કાંઈ કપોળ કલ્પિત વાતો નથી કરી. તેના **આધારસ્તંભ** તો **ભારતીય દર્શનના અમૂલ્ય વારસારૂપ સર્વે સત્શાસ્ત્રો છે.** ભગવાન શ્રીહરિએ જે કાંઈ પણ વાતો કરી છે તે સર્વે સત્શાસ્ત્રોના સમ્યક્ સમન્વયરૂપે કરી છે.

"



# વચનામૃતના સંપાદક સદ્‌ગુરુ સંતોની પ્રામાણિકતા

શ્રીજીમહારાજ ભક્તોના જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના પોષણને અર્થે સતત ગામડાંઓમાં વિચરણ કરતાં હતાં. તે તે ગામોમાં ભગવાન શ્રીહરિએ જે જે ઉપદેશો આપ્યા હોય તે તે ઉપદેશોને કેટલાક સંતો-ભક્તો નોંધી લેતા હતા અને સૌ આશ્રિતજનોને આ **સદુપદેશો કાયમને માટે ઉપયોગી બની રહે** તે માટે તેને ગ્રંથસ્થ કરવા માટે શ્રીજીમહારાજે **શ્રી મુક્તાનંદ સ્વામી, શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી નિત્યાનંદ સ્વામી તથા શ્રી શુકાનંદ સ્વામી** - આ ચાર સમર્થ સંતોને આજ્ઞા કરી હતી. આ સંતોને વચનામૃતનું સંકલન કરવાની આજ્ઞા આપવા પાછળ એક કારણ હતું કે, આ ચાર સંતોને તેમના **કારુણ્ય-વાત્સલ્ય આદિક સદ્‌ગુણો**ની સાથે સાથે તેમની **સાધુતાભરી વિદ્વત્તાથી** સંપ્રદાયમાં **પ્રસિદ્ધ** હતા. તેમની અનેક પ્રકારની આગવી વિશેષતાઓથી સમગ્ર સંપ્રદાય સુપરિચિત હતો તેથી જ આ ચાર પરમહંસોને શ્રીજીમહારાજે સંપ્રદાયમાં અગ્રેસર સદ્‌ગુરુપદે સ્થાપ્યા હતા.

મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીએ કહેલા ઉપદેશોને બરાબર સમજી, તેનું રહસ્ય સમજીને શ્રીજીમહારાજના જ શબ્દોમાં રજૂઆત કરવાની સંપૂર્ણ યોગ્યતા અને શક્તિ આ સંતો ધરાવતા હતા. ભગવાન શ્રીહરિના **જ્ઞાનોપદેશોને વચનામૃત મહાગ્રંથરૂપે** સંપાદન કરવાની દુર્લભ તક-સેવા એમને મળી હતી. તેમાં કોઈપણ પ્રકારનો પોતાથી કે બીજાથી હસ્તક્ષેપ ન થાય અને એની પૂરેપૂરી **યથાર્થતા** તથા **પ્રમાણભૂતતા** જળવાઈ રહે તે માટે તેમણે સાવધાની અને કાળજીપૂર્વક **પુરુષાર્થ** કર્યો હતો. એનું એક **જીવંત પ્રમાણ** છે કે, શ્રીજીમહારાજે પ્રમાણભૂત કરેલા અને પ્રત્યક્ષ સંમતિ આપેલા કુલ ૨૬૨ વચનામૃતો છે. જેનું સંપાદનકાર્ય આ ચાર સંતોએ કરેલું. પછી શ્રીજીમહારાજના સ્વધામગમન બાદ જ્યારે (વિ.સં. ૧૯૨૧ દરમ્યાન) સંપાદક સંતો પૈકી ફક્ત શુકાનંદ સ્વામી જ હયાત હતા. બીજા ત્રણ સંતો અક્ષરધામગમન થયા હતા. આ અરસામાં વચનામૃત બાબતમાં અમદાવાદ અને વડતાલ - એમ બંને દેશો વચ્ચે

વિવાદ ઊભો થયો કે, શ્રીજીમહારાજે આપેલ ઉપદેશોના ખરડાઓ તો આશરે ૧૨૦૦ જેટલી સંખ્યામાં છે તો તેને પણ **'વચનામૃત'** તરીકે સ્વીકારવા જોઈએ. અને અંતે જતા અમદાવાદ દેશમાં અમદાવાદના ૫, અશ્લાલીનું ૧ અને જેતલપુરના ૫ વચનામૃતો વધારી કુલ ૧૧ વચનામૃતોનો ઉમેરો કરવામાં આવ્યો. જેથી સંપ્રદાયમાં તેના વિષે ઘણો વિવાદ ઊભો થયો. તેથી શુકાનંદ સ્વામીને વિનંતિ કરવામાં આવી કે, "સ્વામી! આપે મહારાજના વચનામૃતોનું સંપાદન કરેલ છે, તો આપ આ ૧૧ વચનામૃતોનું પ્રમાણ આપો કે તે શ્રીજીમહારાજના સ્વમુખે કહેલ છે. તેથી તે પણ વચનામૃતોમાં **ગ્રાહ્ય વચનામૃતો** તરીકે માન્ય થાય." ત્યારે શુકાનંદ સ્વામીએ કહ્યું : "આ ૧૧ વચનામૃતો શ્રીજીમહારાજે સ્વમુખે કહેલા છે તેમાં આશંકાને કોઈ સ્થાન નથી તે હું પણ સ્વીકારું છું, પરંતુ અમે ચાર સંતોએ મળીને મહારાજને **વચનામૃતના ખરડાઓ અર્પણ** કર્યા હતાં. તે તમામ ખરડાઓ **ભગવાન શ્રીહરિએ સ્વયં તપાસીને** તેમાંથી પસંદ કરીને તારવી તારવીને **૨૬૨ વચનામૃતો**ને જ **'વચનામૃત'** તરીકે ગ્રંથસ્થ કરવાની **સંમતિ** અને **પરવાનગી** અમને આપી છે. તેથી ૨૬૨ વચનામૃતો સિવાય કોઈપણ ખરડાઓને વચનામૃત તરીકે અમે સંમતિ આપી શકીએ નહીં. અને અત્યારે ચાર સંપાદક પરમહંસો પૈકી હું એકજ હયાત છું. તે માટે ત્રણ સંતોની સંમતિ વગર હું એકલો સ્વતંત્ર રીતે આ વચનામૃતોની બાબતમાં કોઈપણ પ્રકારનો **હસ્તક્ષેપ** કરી શકું નહીં."

આ પ્રસંગ દર્શાવે છે કે તે સંતોને શ્રીજીમહારાજના **પ્રમાણભૂત વચનો** યથાવત્ મહારાજના જ શબ્દોમાં હંમેશને માટે જળવાઈ રહે તે માટે કેટલી સાવધાની અને કાળજી હતી !

વળી, આ સંતોએ **વચનામૃતોનું સંપાદનકાર્ય** જગતમાં માન-મોટપ કે સત્તા-સંપત્તિ-કીર્તિ વધારવા માટે કર્યું ન હતું. પરંતુ કેવળ શ્રીજીમહારાજને જ પ્રસન્ન કરવા પોતાના અને અન્યના કલ્યાણાર્થે જ આ **પ્રામાણિક પુરુષાર્થ** કરેલો છે. આ સદ્‌ગુરુ સંતોએ ક્યારેય પણ ભગવાન શ્રીહરિની સાથે છળકપટ કે દગા-પ્રપંચનો ખેલ રચીને પોતાને ગમતું-ભાવતું-રુચતું કંઈ પણ કરવા સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું. એવું એમના સમગ્ર જીવન અને **વચનામૃતોમાં તેમણે પૂછેલા પ્રશ્નો**ના અભ્યાસ પરથી જણાયા વગર રહેતું નથી. છળકપટ કે દંભથી ભરપૂર, પોતાની મહત્તા દર્શાવવા મથી રહેલ વ્યક્તિ ભરસભામાં પોતાને અડચણ કરતા એવા સ્વભાવ દોષોને ટાળવાનાં પ્રશ્નો કેવી રીતે પૂછી શકે ? અને આ પરમહંસો તો સમગ્ર સંપ્રદાયના વડીલો અને સદ્‌ગુરુસ્થાને હતા, પ્રતિષ્ઠિત હતા. છતાં પણ આ સંતોએ **પોતાના માન-મોભાને એક્કોરે મૂકીને ભરી સભામાં પોતાના આંતરિક દોષો બાબત જ પ્રશ્નો** મોટે ભાગે પૂછ્યા છે. સમગ્ર વચનામૃત ગ્રંથમાં શ્રી મુક્તાનંદ સ્વામીએ ૯૦, શ્રી ગોપાળાનંદ સ્વામીએ ૧૧, શ્રી નિત્યાનંદ સ્વામીએ ૨૫ અને શ્રી શુકાનંદ સ્વામીએ ૨૧ પ્રશ્નો પૂછ્યા છે. પોતાને વિષે કોઈક શું ધારશે કે શું માનશે તેવો કોઈપણ વિચાર કર્યા વગર આ પ્રશ્નો પૂછાયા છે. તેવું તેનો ઊંડાણથી અભ્યાસ કરતા જણાય છે. અધ્યાત્મ માર્ગે આગળ વધવાની ઝંખના અને તે માટે પ્રામાણિક સાધના કર્યા વગર આવા પ્રશ્નો મનમાં ઊઠી જ ન શકે. અને કદાચ કોઈને ઊઠે તોપણ જાહેરમાં તો આવી ચર્ચા છેડી જ ન શકે. અને તેમાંય જો **વધુ ઊંડાણથી વિચારીએ તો કદાચ કોઈક આવા પ્રશ્નો સભામાં પૂછે, પણ જો પોતે એનું સંપાદન કરનાર હોય અને પોતે પ્રામાણિક ન હોય તો આવા પ્રશ્નોનું સંપાદન કરીને ગ્રંથસ્થ તો કરી જ ન શકે.** કારણ કે સભામાં તો લોકો સાંભળીને ટૂંકસમયમાં ભૂલી પણ જાય, પરંતુ ગ્રંથસ્થ થયેલ વાતોને હજારો વર્ષો સુધી હજારો લોકો વાંચે-વિચારે અને તેમના વિષે કાંઈક હીણું - ન્યૂનભાવ વિચારી શકે એવી શકયતા પૂરેપૂરી છે. પરંતુ સંપાદક સદ્‌ગુરુ સંતોએ આવો કોઈપણ પ્રકારનો મનમાં ડર રાખ્યા વિના પ્રામાણિકપણે આવા પોતાના પ્રશ્નોનો સમાવેશ આ વચનામૃત ગ્રંથમાં કર્યો છે.

અને વળી, ઘણી જગ્યાએ વચનામૃતમાં 'એક મુનિએ' અથવા તો 'સંતોએ પ્રશ્ન પૂછ્યો' એવું નોંધીને કોઈના નામનો ઉલ્લેખ કર્યો નથી. એવા ઘણાં વચનામૃતો છે અને કેટલાક વચનામૃતો જેવા કે - ગ.પ્ર. ૧, ૨૦, ૫૦, સા. ૨, કા. ૭, લો. ૧૨, ૧૬, મ.પ્ર. ૩, ૧૦, ૧૫, ૫૧, વર. ૯, ૧૧, અમ. ૨, અં.પ્ર. ૧, ૧૧, ૧૪, ૧૬, ૩૬ વગેરે વચનામૃતોમાં કોઈનાય નામનો નિર્દેશ કર્યા વગર **'એનો ઉત્તર મુનિએ કરવા માંડ્યો પણ થયો નહિ'** અથવા **'સર્વે વિચારી રહ્યા પણ ઉત્તર કરી શક્યા નહિ'**, 'મોટા મોટા સંત તેમણે જેવો ભાસ્યો તેવો ઉત્તર કર્યો, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ.' - એમ જુદાં જુદાં શબ્દોથી એ પ્રશ્નનું સમાધાન થયું નહિ એવો નિર્દેશ કરવામાં આવ્યો છે. તો આ સંપાદક સંતો એમ પણ કરી શકતાં હતાં. છતાં પણ જ્યાં પોતાનો પ્રશ્ન આવ્યો છે ત્યાં પ્રામાણિક રીતે પોતાનું નામ નોંધ્યું છે. જો કે ઘણા વચનામૃતોમાં સંતોના નામનો નિર્દેશ કર્યો છે, તેમાં કેટલાક વચનામૃતોમાં આ **સંપાદક પરમહંસોના નામ**નો પણ સમાવેશ થાય છે.

જેમ કે, 'પછી શ્રીજીમહારાજના પ્રશ્નનું મુક્તાનંદ સ્વામીએ બહુ પ્રકારે સમાધાન કર્યું પણ સમાધાન થયું નહિ.'

(ગ.પ્ર. ૧૪), લો.૨, ૧૬, મ.પ્ર. ૪, વર. ૧૭, અમ.૩ આદિક વચનામૃતોમાં મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન અથવા યથાર્થ ઉત્તર આપી શક્યા નહિ - તેવો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

આ ઉપરાંત...

- મ.પ્ર.૬૬ તથા અં.પ્ર. ૨૧માં વચનામૃતમાં ગોપાળાનંદ સ્વામી ભગવાન શ્રીહરિના પ્રશ્નનો ઉત્તર આપી શક્યા નથી એવો ઉલ્લેખ છે.

- ગ.પ્ર. ૭૧, મ.પ્ર. ૬૬માં નિત્યાનંદ સ્વામી ઉત્તર આપી શક્યા નથી.

- વર. ૩ અને ૪માં મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી પ્રશ્નનું સમાધાન કરી શકતા નથી.

- વર. ૧૭માં નિત્યાનંદ સ્વામી અને શુકમુનિ પ્રશ્નનું સમાધાન કરી શક્યા નથી.

- વર. ૨૦માં તો ચારેય સંપાદક સદ્‌ગુરુ સંતો ઉપરાંત દેવાનંદ સ્વામી પણ પ્રશ્નનો ઉત્તર યથાર્થ આપી શક્યા નથી એવો ઉલ્લેખ છે.

- અં.પ્ર. ૧૩માં ચારેય પરમહંસો ઉપરાંત ચૈતન્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી પણ પ્રશ્નનું યથાર્થ સમાધાન કરી શકતા નથી એવો સ્પષ્ટ નિર્દેશ છે.

**જો સંપાદક સદ્‌ગુરુ સંતો પ્રામાણિક ન હોત તો પોતાની વિદ્વત્તાભરી પ્રતિષ્ઠાને ઝાંખપ આવે એવા આ પોતાના નામ નિર્દેશ સહિત ઉલ્લેખો એમણે કર્યા ન હોત.** તેમને તો પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની મહત્તા વધે અને મુમુક્ષુઓને શ્રીજીમહારાજના સ્વમુખથી જ યથાર્થ ઉત્તર પ્રાપ્ત થાય એ જ શુદ્ધ ભાવના હતી. તેથી તો તેમણે પ્રશ્નોના ઉત્તર આપવામાં પોતાની બુદ્ધિનું ડહાપણ કર્યું જ નથી. કોઈક વખત ભગવાન શ્રીહરિની કેવળ આજ્ઞાથી તેઓશ્રીને રાજી કરવા માટે જ ઉત્તર આપવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. પરંતુ અંતે તો નમ્રભાવે હાથ જોડીને એમજ બોલ્યા છે કે, 'હે મહારાજ ! આ પ્રશ્નનો ઉત્તર તો આપનાથી જ યથાર્થ થશે.' - આમ કહીને અંતે તો પોતાની વિદ્વત્તા અને બુદ્ધિચાતુર્યને શ્રીજીમહારાજના ચરણોમાં જ ધરી રહ્યા છે.

આપણે સૌ જાણીએ છીએ કે સં.૧૮૭૬ના માગશર માસથી સં.૧૮૮૬ના અષાઢ માસ સુધીના ૧૦ વર્ષના સમયગાળામાં અનેક જ્ઞાનોપદેશોનો સંગ્રહ કરીને તેની નોંધ રાખવામાં આવી હતી. પરંતુ તેમાંથી ફક્ત ૨૬૨ દિવસના ઉપદેશોનો જ સંગ્રહ



"

એક વાત મને ખાસ સ્પર્શી હોય તો એ છે કે, દરેક વચનામૃતમાં ચોક્કસ તારીખ આપવામાં આવી છે. ભારતના ધાર્મિક ઈતિહાસના વિદ્યાર્થીઓને આ ભારતીય ઈતિહાસમાં ચોક્કસ તારીખનો અભાવ સતત સતાવે છે, પરંતુ વચનામૃતમાં પ્રત્યેક ઉપદેશની તારીખ ચોકસાઈપૂર્વક નોંધવામાં આવેલ છે.

- પ્રો. શ્રી જહોન કાર્મેન
(હાવર્ડ યુનિવર્સિટી – યુ.એસ.એ.)

"





# વચનામૃત ઉપસંહાર

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ જેવાં **આધ્યાત્મિક તત્ત્વો** અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ, ત્યાગ, સંયમ, સેવા, સત્સંગ, શ્રદ્ધા, વિશ્વાસ, બંધન, મુક્તિ અને કર્મનો સિદ્ધાંત વગેરે **આધ્યાત્મિક વિષયોનું નિરૂપણ** ખૂબજ ટૂંકમાં છતાં **સ્પષ્ટ, નિઃસંદિગ્ધ** અને **યથાર્થપણે** કરવામાં આવ્યું છે.

શ્રીજીમહારાજે ખાસ કરીને **તાત્ત્વિક સમજણમાં** કોઈનેય કોઈ પ્રકારની ગેરસમજણ કે કચાશ ન રહી જાય તેનું **ખૂબજ ધ્યાન** રાખ્યું છે. કોઈપણ તત્ત્વ કે વિષયનું સંપૂર્ણ નિરૂપણ એકી સાથે એકજ વચનામૃતમાં કે સળંગ બે-ત્રણ વચનામૃતમાં કરવામાં આવ્યું નથી, એનું કારણ એમાં અપનાવેલ **પ્રશ્નોત્તર શૈલી** છે. આ વચનામૃત ગ્રંથ ઉપાસ્ય અને ઉપાસકો વચ્ચેની, ભગવાન અને ભક્તો વચ્ચેની **અધ્યાત્મગોષ્ઠી** છે. જેને, જ્યારે, જ્યાં, જે ન સમજાયું તે પૂછ્યું છે ને શ્રીજીમહારાજે જે તે વ્યક્તિની યોગ્યતા અને ક્ષમતા પ્રમાણે ઉત્તરો આપ્યા છે. તેથી પ્રત્યેક આધ્યાત્મિક તત્ત્વ અને વિષયને લગતા અનેક પ્રશ્નો જુદાં જુદાં સ્થળે, અલગ-અલગ સમયે, જુદી જુદી વ્યક્તિઓએ પૂછેલા હોવાથી તેમના ઉત્તરરૂપે જે તે વિષયનું નિરૂપણ સમગ્ર વચનામૃત ગ્રંથમાં પથરાયેલું જોવા મળે છે. અધ્યાત્મના ગહન વિષયને **શનૈઃ શનૈઃ** અર્થાત્ ધીમે ધીમે સમજાવવાની અને પચાવવાની આ એક **વિશિષ્ટ પ્રકારની પદ્ધતિ** છે. આધ્યાત્મિક તત્ત્વો અને વિષયોને નિરૂપવાની આ શૈલી તત્ત્વોના પારને પામવા માટે સૌ કોઈને **વધારે મદદરૂપ** બની શકે તેમ છે.

અધ્યાત્મ સાધનાનાં ઉત્કૃષ્ટ શિખરો સર કરવા, જીવદશા ટાળીને બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરીને પરબ્રહ્મના પરમ, શાશ્વત અને દિવ્ય આનંદના સાક્ષાત્કાર માટે કોઈપણ મુમુક્ષુને જરૂરી એટલું બધુંજ માર્ગદર્શન યોગ્ય રીતે, યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય સમન્વયપૂર્વક વચનામૃતમાં આપવામાં આવ્યું છે. એથી વિશેષ હવે ક્યાંયથી કાંઈ પણ શોધવા-જાણવાની કે સમજવાની જરૂર રહેતી નથી.

આવા એક અને અદ્વિતીય વચનામૃત ગ્રંથની પ્રશંસા કરતાં આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **'શ્રીહરિવાક્ય-સુધાસિંધુ'** ગ્રંથની **'સેતુમાલા'** વ્યાખ્યામાં લખે છે :-

'हरिवाक्यसुधासिन्धुः सर्वग्रन्थशिरोमणिः । विराजतेऽयं सकलसच्छास्त्रोपरि सर्वथा ।।
सच्छास्त्राणां यथा वेदः प्रमाणमधिकं तथा । ग्रन्थोऽयं सर्वथैवास्ति हरेरास्योद्भवत्वतः ।।'

"સર્વ ગ્રંથશિરોમણિ આ **હરિવાક્ય-સુધાસિંધુ** બધાં જ સત્શાસ્ત્રોમાં સર્વપ્રકારે **ઉત્કૃષ્ટ સ્થાને** શોભે છે. જેવી રીતે બધાં જ સત્શાસ્ત્રોમાં **વેદ** વધારે પ્રમાણભૂત છે, તેવી રીતે ભગવાન શ્રીહરિના મુખકમળમાંથી ઉદ્‌ભવેલ આ ગ્રંથ સર્વપ્રકારે **વધારે પ્રમાણભૂત** છે."

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે : "ઓહો ! આ વચનામૃત તો દિવસ બધો જાણે સાંભળ્યા કરીએ તોપણ તૃપ્ત ન થઈએ. જુઓને માંહી મોક્ષનું દ્વાર જ બતાવી દીધું, ને જ્ઞાન પણ બતાવી દીધું છે." એમ કહીને ત્રણ વાર વચનામૃત વંચાવ્યું.

(સ્વામીની વાતો : ૫/૨૧૨)

એક દિવસ વચનામૃત વંચાવીને સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : "આ વચનામૃતના ચોપડામાં ચાર વેદ, ષટ્શાસ્ત્ર ને અઢાર પુરાણનો સાર છે. તેમાં મહારાજે સિદ્ધાંત વાત કરી છે તેનો અભ્યાસ કરવો."

અંતમાં અમદાવાદના સ.ગુ. પુરાણી **શ્રી નંદકિશોરદાસજી સ્વામી રચિત**, વચનામૃત ગ્રંથનો મહિમા વર્ણવતા **કીર્તનના** શબ્દોથી લેખને અહીં પૂર્ણ કરીએ :

**'વાલાનાં વદનતણાં વચનામૃત, મુજને વ્હાલા લાગે છે;**
**વાલા લાગે છે ભક્તોની, ભ્રમણાં ભાંગે છે...વાલાનાં૦૧**
**કલ્પતરુ ચિંતામણી પારસ, કામધેનુ જે ગાય;**
**શ્રીહરિના વચનામૃતને તે, ઉપમા ન દેવાય...વાલાનાં૦૨**
**પારસ ને ચિંતામણી પથ્થર, જડ વસ્તુની જોડ;**
**વચનામૃત હરિધામ પમાડે, પૂરે મનુષ્યના કોડ...વાલાનાં૦૩**
**કામદુધાને કલ્પતરુ તે, કલ્પિત વસ્તુ દેનાર;**
**શ્રીમુખના વચનામૃત લાવે, ભવસાગરનો પાર...વાલાનાં૦૪**
**અષ્ટસિદ્ધિ નવનિધિ તે તો, ગણતીમાં નવ ગણાય;**
**શુદ્ધભાવે વચનામૃત સેવે, જડચિદ્ વસ્તુ જણાય...વાલાનાં૦૫**
**જપ તપ તીર્થ યોગ યજ્ઞથી, પુનરાવૃત્તિ થાય;**
**વચનામૃત સેવન કરવાથી, જન્મમરણ દુઃખ જાય...વાલાનાં૦૬**
**ચારવેદ ષટ્શાસ્ત્ર પુરાણો, ભારત ને ઈતિહાસ;**
**વાણી ચતુર્વિધ આદિ સર્વેનો, વચનામૃત છે સાર...વાલાનાં૦૭**
**મુક્તિ ચતુર્વિધ મળવાથી પણ, બને નહિ પૂર્ણકામ;**
**વચનામૃતનું જ્ઞાન થવાથી, પામે અક્ષરધામ...વાલાનાં૦૮**
**શ્રીકૃષ્ણ સ્વરૂપ ગોલોકે વિરાજે, વૈકુંઠમાં શ્રીરામ;**
**શ્વેતદ્વીપે વાસુદેવ વિરાજે, અક્ષરમાં ઘનશ્યામ...વાલાનાં૦૯**
**યોગી જતિ ને ઋષિ તપસ્વી, ધ્યાન ધરે વનમાંય;**
**વચનામૃતનું ધ્યાન ધર્યાથી, બ્રહ્મરૂપ બની જાય...વાલાનાં૦૧૦**
**ભણીગણીને અંતર ધારો, વચનામૃતનો ભાવ;**
**શાસ્ત્ર સર્વે હસ્તામળ થાશે, લઈ લો દુર્લભ લા'વ...વાલાનાં૦૧૧**
**પ્રીત કરીને હૃદયે વિચારો, વચનામૃતનો સાર;**
**શ્રીમુખના વચનામૃત ઉપર, નંદકિશોર બલિહાર...વાલાનાં૦૧૨'**



આમ, આ વચનામૃત ગ્રંથ સર્વે **આધ્યાત્મિક રત્નોની** ખાણ સમાન છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સર્વે આધ્યાત્મિક શાસ્ત્રોના **ગ્રંથો-પુસ્તકો-લેખોના મહાસાગરનો** અહીં વચનામૃતના **એક બિંદુમાં** સમાવેશ કરાયો છે. તેથી આવા સરળ, સુલભ, સુગ્રાહ્ય અને તૈયાર અમૃતબિંદુને છોડીને, મહાસાગરના ખારા પાણી વલોવીને અમૃતને શોધવા જવું એ નરી મૂર્ખતા છે અને મોહ છે. તો આ શ્રીજીમહારાજની પરાવાણીરૂપ અને ચિંતામણી તુલ્ય એમના જ સ્વરૂપસમ વચનામૃતનું યથાર્થ ચિંતન-મનનપૂર્વક વાંચન-શ્રવણ થાય અને તે આચરણમાં મૂકાય તો **'અક્ષરધામ'ની પ્રાપ્તિ** થયા વગર રહે જ નહિ.



# સત્સંગ સમાચાર પત્રિકા

**સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી**
**તથા સાધુ ધર્મવલ્લભદાસજી**




જૂનાગઢ મંદિર પટાંગણમાં પૂ. મહંત સ્વામીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ પૂ. સંતોના વક્તાપદે શ્રાવણકથા પારાયણ તથા અખંડધૂન




શ્રીજીનગર-સુરતને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ
પૂ. ઘનશ્યામવલ્લભ સ્વામીના વક્તાપદે શ્રીપુરુષોત્તમ પ્રકાશ કથાપારાયણ.




આણંદને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ હોમાત્મક મહાપૂજામાં
બીડું હોમતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી




મલાડ-મુંબઈને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ
પૂ. છપૈયા સ્વામીના વક્તાપદે શ્રીપુરુષોત્તમ પ્રકાશ કથાપારાયણ




કામરેજ-સુરતને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પાર્ષદ સંદિપ ભગતના
વક્તાપદે યોજાયેલ જનમંગલ સ્તોત્ર કથાપારાયણ




સરધારધામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પૂ. સંતો અને
વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ ૧૫મી ઓગષ્ટ દિવસની ઉજવણી




વડોદરા શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી
પાર્ષદ સરજુ ભગતના વક્તાપદે યોજાયેલ શ્રીભક્ત ચિંતામણી કથાપારાયણ







સરધારધામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ઉજવાયેલ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ





સીમાડા-સુરતને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ઉજવાયેલ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ





અંકલેશ્વરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ઉજવાયેલ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ




શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલી (મુંબઈ)માં બિરાજમાન બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના દિવ્ય સાન્નિધ્યમાં
પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ઉજવાયેલ
શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ તથા સત્સંગ સભામાં શ્રીકૃષ્ણકથાનો લાભ આપતા પૂ. સ્વામી




ડોંબીવલી શહેરને આંગણે રાજપુત સમાજ દ્વારા આયોજીત જન્માષ્ટમી મહોત્સવમાં સત્સંગકથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામીશ્રી.




જૂનાગઢને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ઉજવાયેલ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ




તીર્થધામ સરધારને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી
પૂ. સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં ઉજવાયેલ જલઝીલણી મહોત્સવ




મહુવાને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પૂ. સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં ઉજવાયેલ જલઝીલણી મહોત્સવ




સીમાડા-સુરતને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી
પૂ. સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં ઉજવાયેલ જલઝીલણી મહોત્સવ




સરથાણા-સુરતને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ
સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. યોગેશ્વર સ્વામી.

## જલઝીલણી મહોત્સવ
## જૂનાગઢ




તીર્થધામ જૂનાગઢને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી
પૂ. સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં ઉજવાયેલ જલઝીલણી મહોત્સવ

## જલઝીલણી મહોત્સવ
## ડોંબીવલી




ડોંબીવલીને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પૂ. સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં ઉજવાયેલ જલઝીલણી મહોત્સવ

## સત્સંગ વિચરણ
## ન્યુઝીલેન્ડ






પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના
માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ ન્યુઝીલેન્ડ સત્સંગ વિચરણમાં શ્રીરાધાકૃષ્ણ મંદિરમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ તથા
સત્સંગ સભામાં સત્સંગનો લાભ આપતાં પૂ. યોગેશ્વર સ્વામી તથા પૂ. પતિતપાવન સ્વામી.

## સત્સંગ વિચરણ
## ઓસ્ટ્રેલિયા




મેલબોર્ન-ઓસ્ટ્રેલિયાને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં યોજાયેલ ઈન્ડિયન ફૂડ ફેસ્ટીવલ તથા સત્સંગ સભા

## કથાપારાયણ
## દ્વારકા





દ્વારકાધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી
પૂ. નિર્ભય સ્વમીના વક્તાપદે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ

## ગણેશ ચતુર્થી મહોત્સવ
## અમેરિકા




શિકાગો-અમેરિકાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી
વ્હીલીંગ મંદિર ખાતે યોજાયેલ શ્રી ગણેશ ચતુર્થી મહોત્સવ




# 'આશા કી કીરણ' પુસ્તક વિમોચન

**વેદાંત પબ્લિકેશન - રાજકોટ દ્વારા નૂતન પ્રકાશન**

વાંચવા, વિચારવા, વાગોળવા અને
ભેટમાં આપવા માટેનું અમૂલ્ય પુસ્તક

**ચાલો એક સુંદર પુસ્તક ભેટ આપી**
**કોઇની જિંદગી સુધારીએ...**



સમગ્ર સેટ
ભાગ ૧ થી ૩
રૂા. ૨૮૦

વૈચારિક ક્રાંતિના પ્રણેતા સદ્ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની વાણીમાંથી વહેતી અસ્ખલિત જ્ઞાનગંગાને
ડો. અર્જુન દવે દ્વારા પુસ્તક રૂપે કંડારાઈ છે તથા વેદાંત પબ્લિકેશન દ્વારા બૃહદ સમાજ સુધી પહોંચાડવાની નેમ છે.




બાંટવા શહેરને આંગણે પ્રાથમિક-માધ્યમિક શાળામાં વૃક્ષારોપણ કરતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા વિદ્યાર્થીઓ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જગન્નાથપુરીના પટાંગણમાં**

हार्दिक निमंत्रण

# શરદોત્સવ

અંતર્ગત

# ॥ શ્રીમદ્ સત્સંગિજીવન કથા ॥





પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
**શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

**તારીખ : ૦૯ થી ૧૩ -૧૦-૨૦૧૯**

કથા સમય : સાંજે ૬:૦૦ થી ૯:૦૦

**પ્રયોજક/વક્તા : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**



પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
**શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

हमारा लक्ष्य www.lakshya.tv ◄ LIVE પ્રસારણ

સ્થળ : સુવ્રત સભા મંડપ, શ્રી સ્વા. મુખ્ય મંદિર, પુરી-કોણાર્ક મરીન ડ્રાઈવ રોડ, જગન્નાથ પુરી (ઓરિસ્સા)

સંપર્ક : કોઠારી શ્રી પાર્ષદ રાહુલ ભગત મો. ૮૦૦૦૦૫૮૫૦૫ / ૦૬

---

**શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ – ભુવનેશ્વર**
**'ઉમા ભવન' નિર્માણ નિમિત્તે**

**वक्ता श्री :**
**પૂ. સ.ગુ. સ્વામી**
**શ્રી નિત્યસ્વરૂપદાસજી**

# श्रीमद भागवत सप्ताह महोत्सव



**તારીખ : ૧૪-૧૦-૨૦૧૯ થી ૨૦-૧૦-૨૦૧૯**

**સ્થળ : 'શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી'**
**પુરી બાયપાસ રોડ, ભુવનેશ્વર**

**નિમંત્રક : શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ભુવનેશ્વર**





# **સરધારધામ**ને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે **૫ લાખ વૃક્ષારોપણ અભિયાન**નો પ્રારંભ **તથા** મંદિર દ્વારા નિર્મિત **બસસ્ટેશનનું લોકાર્પણ**

ભારતીય સંસ્કૃતિમાં વૃક્ષોનું પોતાનું મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું છે. આયુર્વેદના જનક મહર્ષિ ચરકે પણ વાતાવરણની શુદ્ધતા માટે વિશેષ વૃક્ષોનું મહત્ત્વ બતાવ્યું છે. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોના પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતના ફળો અને ઔષધિ આપે છે. વૃક્ષોના મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવવામાં મદદરૂપ બને છે. આપણા દેશમાં સરકારશ્રી દ્વારા અનેકવિધ પર્યાવરણને લગતી વનમહોત્સવ જેવી યોજનાઓ કાર્યરીત છે. 'વૃક્ષ વાવો જીવન બચાવો', 'વૃક્ષ જતન આબાદ વતન', 'એક બાળ એક ઝાડ' વગેરે આ બધાં સૂત્રોમાં પણ વૃક્ષારોપણનો મહિમા સૂચવાયો છે. ૫મી જૂન 'વિશ્વ પર્યાવરણ દિન' તરીકે ઉજવાય છે ત્યારે સરધાર મંદિર દ્વારા આ વૃક્ષારોપણ પ્રવૃત્તિને વેગવંતી કરીને વાતાવરણને લીલુછમ હરિયાળું બનાવવાનો એક નમ્ર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

હાલ સમગ્ર વિશ્વ જ્યારે ગ્લોબલ વોર્મિંગની ભયંકર અસરોને નિહાળી રહ્યું છે અને ગ્લોબલ વોર્મિંગ સામે દુનિયાભરમાં જાગૃતતા આવી રહી છે ત્યારે **શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર** દ્વારા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે **૫ લાખ વૃક્ષારોપણ** કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત **સરધાર** ખાતે પૂ. સ્વામી તથા કેન્દ્રીય મંત્રીશ્રી મા. શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, કેબીનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, ધારાસભ્ય શ્રી લાખાભાઈ સાગઠીયા, શ્રી નીતીનભાઈ ઢાંકેચા, ડી.કે. સખીયા વગેરે રાજકીય-સામાજિક મહાનુભાવોની ઉપસ્થિતિમાં **'વૃક્ષારોપણ કાર્યક્રમ'**નું આયોજન થયું હતું.

આ પ્રસંગે કેન્દ્રીયમંત્રીશ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા તથા પૂ. સ્વામીશ્રીએ પર્યાવરણ જાળવણી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વૃક્ષારોપણ અભિયાન સંકલ્પમાં જોડાવા પધારેલ જનસમુદાયને અપીલ કરી હતી. વધુમાં સરધાર ગામમાં ગોંડલ ચોકડી ખાતે સરધાર શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા નિર્મિત નૂતન બસ સ્ટેશનનું લોકાર્પણવિધિ મહાનુભાવોના વરદ્ હસ્તે કરવામાં આવ્યો હતો.



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ મંદિર–સરધાર આયોજીત

## ૨૪મી શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી



## શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ



## જૂના શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૨૫મો વાર્ષિક પાટોત્સવ



**તારીખ : ૨૫–૧૦–૨૦૧૯ થી ૧–૧૧–૨૦૧૯**

| ॥ અધ્યક્ષશ્રી ॥ | ॥ પ્રયોજક ॥ | ॥ ઉપાધ્યક્ષશ્રી ॥ |
|---|---|---|
| પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય **શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** | પૂ. સ.ગુ. સ્વામીશ્રી **નિત્યસ્વરૂપદાસજી** | પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય **શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** |

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે વાત્સવલ્યાથી સંતો-હરિભક્તોને પીરસેલું વચનરૂપી અમૃત એટલે વચનામૃત. ભગવાન શ્રી સ્વામિનારાયણે વહેલી સવારે, નમતી બપોરે, મોડી સાંજે કે અડધી રાત્રે સમય જોયા વિના અને સ્થળ જોયા વિના કથાવાર્તા કરી છે. જેને નંદસંતોએ ઝીલી ગ્રંથસ્થ કરી આપણા સુધી પહોંચાડ્યું. સમુદ્રમંથનને અંતે પ્રાપ્ત થયેલું અને દેવલોકમાં રહેલું અમૃત ભૌતિક દેહને અમર બનાવે છે, જ્યારે ભગવાન શ્રીહરિ દ્વારા પ્રબોધિત આ વચનરૂપી અમૃત શાશ્વત અને દિવ્ય સુખ-શાંતિનો અનુભવ કરાવનારું છે.

આવા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અધ્યાત્મ મહાગ્રંથરાજ વચનામૃતને **૨૦૦ વર્ષ** પૂર્ણ થતાં હોય ત્યારે **'શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ'** તથા દિવાળી-નૂતન નવલા વર્ષમાં યોજાતી ૨૪મી **'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'** તથા સરધાર ગામમાં આવેલ **જૂના શ્રી સ્વામિનારાયણ મંદિરના '૧૨૫ મા વાર્ષિક પાટોત્સવ'** - આમ ત્રિવેણી સંગમ મહોત્સવનું ઉપાસ્ય ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની અનહદ અમીવૃષ્ટિ દ્વારા તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે **તીર્થધામ સરધાર**ને આંગણે સં. ૨૦૭૫ આસો વદ-૧૩ **તા. ૨૫-૧૦-૨૦૧૯** થી સં. ૨૦૭૬ કારતક સુદ-૫ **તા. ૧-૧૧-૨૦૧૯** સુધી ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

શુભ-દિપાવલી-નૂતન વર્ષના પ્રારંભે સંત સમાગમ દ્વારા ભગવાન શ્રીહરિના પારિજાત પુષ્પથી સુગંધિત બની શુકલપક્ષના ચંદ્રવત્ આજ્ઞા-ઉપાસનાની સાથે ષડ્અંગી સંપ્રદાયની દઢતાવાળું જીવન થાય, સંસારના ત્રિવિધ તાપોનું શમન કરવા, દિવ્ય સુખની અનુભૂતિ કરવા, અશાંત મનને શાંત કરવા, બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની આરાધના કરવા, શ્રીહરિની મૂર્તિમાં મનને જોડાવા, જીવને સત્સંગ ભક્તિના રંગે રંગવા, સંપ્રદાયના સાચા સિદ્ધાંતોની સમજ કેળવવા અને ભૌતિક જીવનનું અનેરૂ માર્ગદર્શન મેળવવા આપ સ્નેહી મિત્રો-હરિભકતો-કુટુંબ સહપરિવાર સાથે અચૂક પધારશો એવું હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

## સ્થળ : 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર, સરધાર

તા.જી. રાજકોટ. **સંપર્ક :** મો. ૭૬૦૦૦ ૫૮૫૦૩, ૯૮૭૯૭ ૫૮૫૦૩

www.sardhardham.org **E-mail :** sardharkatha@gmail.com

## દ્વિમાસિક સભા તથા વાર્ષિકોત્સવ
## મલાડ









**મલાડ (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ બાળમંડળનો 'વાર્ષિકોત્સવ' તથા બૃહદ મુંબઈ પરાવિસ્તાર સત્સંગ સમાજની 'દ્વિમાસિક સત્સંગ સભા' (તા. ૧૮-૮-૨૦૧૯)**

## દસમી સત્સંગ શિબિર
## માણાવદર








**સોરઠપ્રદેશના માણાવદર શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ દસમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર' (તા. ૩૧ થી ૬-૯-૨૦૧૯)**

**૧-૨-૩. સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. ગોસ્વામી શ્રી પરાગકુમાર મહોદયશ્રી તથા શિબિરનો લાભ લેતા ભક્તજનો ૪. પ.પૂ. મહોદયશ્રીનું પૂજન કરતા પૂ. સ્વામી ૫. 'ભગવાન ક્રિયાસાધ્ય કે કૃપાસાધ્ય' પ્રમાણિત શાસ્ત્રીય તર્ક સાથે ચર્ચા (ડીબેટ) કરતાં સરધારમાં સંસ્કૃત-અંગ્રેજીનો અભ્યાસ કરતા પાર્ષદમંડળ ૬. શિબિરના યજમાનોનું વૃક્ષના છોડથી સન્માન કરી પર્યાવરણની જાળવણીનો સંદેશ**

Swaminarayan Chintan, September-2019, RNI NO.GUJGUJ-2013/47868, Postal Registration No-Rajkot/624/2019-21 Valid Up To 31/12/2021
Posted At Rajkot RMS On 20th Of Every Month, W.p.p No-G-PMG-RJT/018/2019,Valid Up To 31/12/2021

# વૃક્ષારોપણ અભિયાન
## સરધાર

















**સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે ૫ લાખ વૃક્ષારોપણ અભિયાનનો પ્રારંભ તથા મંદિર દ્વારા નિર્મિત બસસ્ટેશનનું લોકાર્પણ (તા. ૩૦-૮-૨૦૧૯)**

હાલ સમગ્ર વિશ્વ જયારે ગ્લોબલ વોર્મિંગની ભયંકર અસરોને નિહાળી રહ્યું છે અને ગ્લોબલ વોર્મિંગ સામે દુનિયાભરમાં જાગૃતતા આવી રહી છે ત્યારે સરધાર મંદિર દ્વારા **૫ લાખ વૃક્ષારોપણ** કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત **સરધાર** ખાતે પૂ. સ્વામી તથા કેન્દ્રીય મંત્રીશ્રી મા. શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા, કેબીનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા, ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠીયા, શ્રી નીતીનભાઈ ઢાંકેચા, ડી.કે. સખીયા વગેરે રાજકીય-સામાજિક મહાનુભાવોની ઉપસ્થિતિમાં **'વૃક્ષારોપણ'** નો પ્રારંભ તથા મંદિર દ્વારા નિર્મિત **બસસ્ટેશનનું લોકાર્પણ** કરવામાં આવ્યું હતું.

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007